

# અધ્યાત્મ

વર્ષ : ૬ ફેબ્રુઆરી : ૧૯૮૫ અંક : ૬

# અભિનંદનના અધિકારી

અધ્યાત્મના ઈતિહાસમાં પ. પૂ. ગુરુદેવ અને પ. પૂ. માશ્રી સર્વેશ્વરીની કૃપાથી, આજીવન સભ્યોજ નહિ, પરંતુ પેટ્રન અને સહાયક પેટ્રનની સંખ્યામાં પણ ઝડપી વધારો થયો છે. આ વખતે એના યશભાગી છે સુરતના બે સજ્જનો –શ્રી શશિકાન્તભાઇ લેખડિયા ને શ્રી સુમનભાઇ શાહ.

પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીના સુરત નિવાસ દરમ્યાન એક દિવસ પૂ. માએ ઉપરોક્ત બન્ને સાધકોને બોલાવીને અધ્યાત્મના આજીવન સભ્યો નોંધવામાં સહાયરૂપ થવા સૂચન કર્યું. એના પ્રત્યુત્તરમાં તેઓએ ખૂબજ સુંદર કામ કરી દેખાડ્યું. માત્ર ચાર પાંચ દિવસના ગાળામાં રૂા. ૧૦૦૧ વાળા છ પેટ્રન, રૂા. ૫૦૧ વાળા, પાંચ સહાયક પેટ્રન અને બીજા આજીવન સભ્યો નોંધી કુલ રૂા. ૧૬,૦૦૦ જેટલી માતબર રકમ એકઠાં કરી આપી. આ બન્ને ભાઈઓ ખરેખર અભિનંદનના અધિકારી છે.

સુરતના આજીવન સભ્યમાંથી સહાયક પેટ્રન નોંધવાની શુભ શરૂઆત પ્રો. શ્રી ટી. જી. ભટ્ટ તરફથી કરવામાં આવી. શુભ પળે શરૂ થયેલું આ કાર્ય પ્રભુકૃપાથી ઘણું ફળદાયી નીવડ્યું.

–તંત્રી



## * ગુરુદેવને અરજ *

ગુરુદેવને ચરણે અરજ ધરું,
તનમનથી શ્રી ચરણોમાં વસુ.

પવિત્રતા તનમનમાં જાગો,
ભક્તિભાવ રમવા લાગો.

જગ જંજાળને વિસારી દો,
અલખની ધૂન જગાડી દો.

ધૈર્ય સ્થૈર્ય હિમ્મત પ્રકટાવો,
અચલ બનાવો, આગે બઢાવો.

સર્વ સ્થળે ને કાળે રક્ષો,
શીતળતા વળી શાંતિ બક્ષો.

**–મા સર્વેશ્વરી**

# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
વર્ષ : ૬ અંક : ૫ છૂટક નકલ ૧–૫૦, વાર્ષિક લવાજમ
દેશમાં રૂા. ૧૫–૦૦ વિદેશમાં રૂા. ૧૨૫–૦૦ ( વિમાનથી )
**સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ.
**તંત્રી–સંપાદક :** શ્રી નારાયણ હ. જાની.
**સહસંપાદકો :** શ્રી નાનુરામ દુધરેજિયા, શ્રી ભાઈલાલભાઈ છાટબાર, શ્રી મણિભાઈ સી. શાહ.
**પ્રકાશન અને પ્રાપ્તસ્થાન :** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી સરદારનગર, ભાવનગર–૩૬૪૦૦૧
**તંત્રી, મુદ્રક અને પ્રકાશક :** નારાયણ હ. જાની ફોન : ૨૮૬૯૩
**મુદ્રણસ્થાન :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ લોખંડબજાર, ભાવનગર–૧

### લેખકોને નિમંત્રણ

અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપજ લેખો સ્વીકારવામાં આવશે.

લખાણ કાગળની એક બાજુને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિધ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

**ગ્રાહકોને :** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

* 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતા રહેશો.
* 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
* પત્રવ્યહવાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
* 'અધ્યાત્મ' અંગે કંઈ સૂચનો કરવાનાં હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
* દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૦મી એ અંક રવાના કરવામાં આવશે.

## * અનુક્રમણિકા *


| | | |
|---|---|---|
| ભાવાત્મક એકતાનો સંદેશ | યોગેશ્વરજી | ૩ |
| અંબાજી યાત્રાના એ યાદગાર અગિયાર દિવસો | નારાયણ હ. જાની | ૬ |
| આત્મા અને શરીર | ઈશ્વરલાલ એમ. શાહ | ૨૨ |
| સાચા ગુરુનાં લક્ષણ | સંત રવિદાસ | ૨૭ |
| મુક્તક—મધુ | રતિલાલ ભાવસાર | ૩૦ |
| કોટિ વંદન કરીએ | પુ. દ. પાઠક | ૩૧ |
| મન | રણજિત પટેલ | ૩૨ |
| ગંગોત્રીની યાદ | ઈશ્વરભાઈ ભક્ત | ૩૩ |
| સૌથી સહેલો સાક્ષાત્કાર | યોગભિક્ષુ | ૪૧ |
| વ્યાયામ-તનનો અને મનનો | દારા જ. ભેસાણીયા | ૪૪ |
| મન | મંગળભાઈ પંચાલ | ૪૮ |
| પ્રશ્નોત્તરી | યોગેશ્વરજી | ૫૨ |
| રામકથા | યોગેશ્વરજી | ૬૧ |





# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો
—મા સર્વેશ્વરી

વર્ષ : ૬ ફેબ્રુઆરી-૧૯૮૫ અંક : ૫


## ભાવાત્મક એકતાનો સંદેશ

—યોગેશ્વર

આપણા દેશની આઝાદી પછી આપણે ત્યાં ભાવાત્મક એકતાની વાતો વધારે ને વધારે પ્રમાણમાં થવા માંડી છે એ આવકારદાયક છે. પ્રજા પોતાની એકતાવિશે વિચારતી ને વાતો કરતી થાય એ અત્યંત આવશ્યક છે. અલબત્ત એ વાતો કેવળ વાતો રહેવાને બદલે જીવનવ્યવહારમાં મૂર્તિમંત બને એ ઈચ્છવાયોગ્ય છે.

ભાવાત્મક એકતાના સંદેશને ભારતના અતીતકાળના પ્રાતઃ-સ્મરણીય મહાપુરૂષોએ ધાર્મિક વિધિવિધાનોસાથે સાંકળી લીધો છે. કેટલીક ધાર્મિક પ્રથાઓમાં પણ એનો પડઘો પડે છે. એ વિધિવિધાનો ને પ્રથાઓને પરંપરાગત કે રૂઢરીતે કરવાને બદલે એમનું વિવેક-પૂર્વકનું અનુષ્ઠાન કરવામાં આવે તો એ સંદેશને સમજીને જીવનમાં આત્મસાત કરી શકાય. પરંતુ આપણી મોટા ભાગની ધાર્મિક પ્રથાઓ વિવેકરહિત ને મૃતપ્રાય બની ગઈ છે.

એવી એક સુંદર પરંપરાગત પ્રથાવિશે વાત કરું.

આપણે ત્યાં લાંબા વખતથી એવી માન્યતા પ્રચલિત છે કે ગંગાના પવિત્ર પાણીને રામેશ્વર સુધી લઇ જઇને ત્યાંના સુપ્રસિદ્ધ શિવમંદિરના લિંગપર ચઢાવવામાં આવે તો માનવની મુક્તિ થાય છે. દર વરસે કેટલાય ભાવિક ભક્તો ગંગાજલ લઇને દક્ષિણની યાત્રા કરે છે ને રામેશ્વરના લિંગપર એને ચઢાવીને કૃતકૃત્યતાનો અનુભવ કરે છે. આજના કેટલાક સુશિક્ષિતોને એ પ્રથા હાસ્યાસ્પદ અથવા અંધવિશ્વાસના નમૂનારૂપ લાગે છે. એમાં એમનો દોષ પણ નથી. છતાંપણ એની પાછળ જે જીવનવિકાસની ભવ્ય દૃષ્ટિ છે એનો વિચાર કરવો આવશ્યક છે.

ગંગા હિમાલયની પ્રશાંત પર્વતમાળામાંથી પ્રકટીને આગળ વધે છે. ભાવિક ભક્તો એનું પવિત્ર પાણી લેવા માટે હિમાલયના ગંગોત્રી ધામમાં કે હરદ્વાર ઋષિકેશજેવા સ્થાનમાં જતા. કોઈ કાશીની યાત્રા કરતા. એ યાત્રાદ્વારા દેશના એક દૂરસુદૂરના પ્રદેશનો એમને પરિચય થતો. યાતાયાતના સાધનોની અછત હતી ત્યારે એ ગંગાજલ લઇને પ્રવાસીઓ પગપાળા આગળ વધતા. દેશના વિભિન્ન પ્રદેશોમાંથી પસાર થઇને એ લાંબે વખતે રામેશ્વર પહોંચતા. એ દરમિયાન જુદાંજુદાં સ્થળોમાં વસતા પ્રતાપી પરમાત્મપ્રેમી સંત-પુરૂષોના દર્શનસમાગમનો એમને લાભ મળતો. એમની પાસેથી એમના અસાધારણ અનુભવવાળી જ્ઞાનવિજ્ઞાનની વાતોનું શ્રવણ કરવાનો સુ-અવસર સાંપડતો, અને એમના ઉપદેશાનુસાર ચાલવાનું બળ મળતું. યાત્રાના દિવસોમાં ઘરથી ને કુટુંબીજનોથી છૂટા પડેલા યાત્રીને એ સૌની મમતા કે આસક્તિ ઘટાડવાની કે ઓગાળી નાખવાની તક મળતી. એ વધારે ને વધારે ઈશ્વરપરાયણ બનતો. જીવનને ઉજ્જ્વળ, પવિત્ર ને સંયમી બનાવનારા નિયમોનું પાલન કરતો. એને લીધે એના આત્મબળની અભિવૃદ્ધિ થતી. એ ઉપરાંત, દેશના વિવિધ વિભાગોને વિલોકીને એ વિચારતો કે પૃથક્ પૃથક્



પ્રદેશોમાં ભાષા જુદી છે, પહેરવેશ જુદા છે, રીતરિવાજ પણ જુદા છે, પરંતુ દિલ એક છે, સંસ્કૃતિ સરખી છે. એકસરખા ધર્મ-શાસ્ત્રો ને કર્મકાંડની પરિપાટી બધેજ પ્રચલિત છે. પ્રજાની ભાવના સમાન છે. જુદીજુદી જાતની ભૌગોલિક પરિસ્થિતિવાળા પ્રદેશો ઐતિહાસિક રીતે એક છે. એ અનુભવને લીધે એ સમસ્ત દેશની પ્રજાસાથે આત્મીયતાનો અનુભવ કરી શકતો ને એ પ્રજાને માટે જીવનનું સમર્પણ કરવાનો સંકલ્પ કરતો. એવીરીતે હિમાલયના પવિત્ર ઉત્તરીય પ્રદેશમાંથી એ દક્ષિણમાં રામેશ્વર પહોંચતો ત્યાં-સુધીમાં એની કાયાપલટ થઇ જતી. એના સ્વભાવનું રૂપાંતર ને વૃત્તિઓનું વિશુદ્ધિકરણ થતું. એટલે ગંગાનું પાણી રામેશ્વરમાં ભગવાન શંકરને ચઢાવતી વખતે એની મુક્તિ જરૂર થતી. એ મુક્તિ મોહમાંથી, સંકુચિતતામાંથી, સ્વાર્થભાવમાંથી, દોષોમાંથી, ભેદભાવમાંથી અને અજ્ઞાનમાંથી થનારી મુક્તિ હતી. એ વિષે કોઇ સંદેહ નથી. ભક્તના પ્રાણમાં પરમાત્માનો પ્રેમ પરાકાષ્ઠાએ પહોંચતાં એને પરમાત્મદર્શનનો પરમ લાભ પણ મળી રહેતો.

એવી રીતે વિચારીએ તો એ સુંદર પરંપરાગત પ્રથાની પાછળ રહેલી જીવનશુદ્ધિની ને રાષ્ટ્રીય ભાવાત્મક એકતાની ભાવનાનું સ્પષ્ટ દર્શન થઇ રહે છે. આજે પણ એ પ્રથાનો આધાર લઇને કેટલાય પ્રવાસીઓ કે ભાવિક ભક્તો ઉત્તરમાંથી ગંગાજલ લઈને દક્ષિણમાં જતા હશે. એ સૌ એ પ્રથાની પાછળની આ સુંદર ભાવનાને સમજે અને અનુસરે તો ? તો એ પ્રથા એમને પોતાને ને બીજાને માટે કેટલી બધી આશીર્વાદરૂપ બની જાય ? પ્રથા કેવળ પ્રથા રહેવાને બદલે જીવનોપયોગી સુંદર સાધના થાય.

પ. પૂ. માશ્રી સર્વેશ્વરીના સાન્નિધ્યમાં

# અંબાજી યાત્રાના એ યાદગાર અગિયાર દિવસો

નારાયણ હ. જાની

તા. ૨૬ ડીસેમ્બર ૧૯૮૪ના દિને બપોરે હું અધ્યાત્મના અંગ્રેજી સરનામાં લખતો હતો. લખતાં થોડો થાક લાગ્યો ને આડો પડ્યો. આંખ મળી ગઈ. ત્યાં મારાં પત્નીએ આવી કહ્યું, "આ ટપાલ. એમાં પૂ. માના બે પત્રો છે."

મેં આ પત્રો સૌ પ્રથમ વાંચવા માંડ્યા. ત્રણ દિવસની ટપાલની રજા પછી ઘણા બધા પત્રો આવેલા હતા. હજી બીજો પત્ર પૂરો કરૂં ત્યાં ટેલિફોનની ઘંટડી રણકી ઊઠી. મે ફોન લીધો તો સામે છેડેથી હરિ ૐ સંભળાયું. શ્રીજીતુભાઇ ગાંધી વડોદરાથી બોલી રહ્યા હતા. એમણે પૂછ્યું, 'શું કરો છો ?' મેં કહ્યું : "માના પત્રો વાંચું છું."

"તો લો, પૂ. મા સાથેજ વાત કરો." કહી પૂ. માને ટેલિફોન આપ્યો. પૂ. માએ અધ્યાત્મ અંગે કેટલીક વાતચીત કર્યા પછી કહ્યું, "નારણભાઈ, અંબાજી આવો. હું તા૯/૧/૮૫ના રોજ જવાની છું."

"મા, આવવાની ઇચ્છા તો કોને ન થાય ? પણ તા ૧૦ મી ના અંકોની રવાનગીની વ્યવસ્થા થઈ જાય, તો જરૂર આવીશ."

બસ. પૂ. માનું આમ સાહજીક આમંત્રણ મળ્યું એટલે આનંદ થયો અને શ્રી બાલુભાઈ વગેરેએ અંકોની રવાનગીની



જવાબદારી ઉઠાવી લીધી. એટલે અનુકૂળતા થઇ ગઇ. કોઇપણ કાર્યમાં ઇશ્વરેચ્છા હોય તો કેવી સરસ રીતે બધું ગોઠવાઇ જતું હોય છે તેનો અનુભવ થયો.

ત્રણ ઠેકાણે બસો બદલીને અંબાજી પહોંચવાનો કાર્યક્રમ હતો, પરંતુ પ્રભુકૃપાથી બધેજ અનુકૂળતાઓ થઇ ગઇ. અંબાજી તા. ૯ ઠીએ પહોંચી ગયાં. બીજા દિવસે પુનમ હતી એટલે ભીડ ઘણી થાય; પરંતુ પૂ. માની ઇચ્છા પ્રમાણે પંચાલભુવન-માંજ સરસ જગા મળી. પૂ. માની પ્રતીક્ષા કરવા લાગ્યા.

બપોરે વડોદરાથી બે બહેનો મંજુબેન ભાવસાર ને મંજુબેન અમિન આવી. એમણે કહ્યું, "પૂ. મા સાંજ સુધીમાં આવી પહોંચશે. શ્રી જીતુભાઇ પોતાની ગાડીમાં મૂકવા આવવાના છે. એમનાં પત્ની પણ સાથે આવશે.' સાંજ પડવા આવી. ઠંડીનું પ્રમાણ વધારે હતું. સાથે પવન પણ વાતો એટલે ઠંડક વધારે લાગતી.

અમારી બાજુની રૂમજ પૂ. મા માટે રાખેલી. તેની સફાઇ કરાવી. ચાદરો બદલાવી; પરંતુ સફાઈનું પૂ. માનું ધોરણ તો પૂ. મહાત્માજી જેટલુંજ ઊંચું. એટલે સાંજે આવીને કહ્યું : "આ બધું બરાબર સાફ નથી. લાવો, હું સાફ કરી નાંખું !"

એ સાંભળી અમને શરમ લાગી. થયું આપણે પૂ. માની વ્યવસ્થામાં નાપાસ થયા. અમારી સાથેની બહેનો કામે લાગી ગઈ ને રૂમ સારી રીતે સાફ કરી નાંખ્યો.

પછી પૂ. માએ કહ્યું : 'ચાલો છોકરાઓ, આજે અમારા તરફથી જમી આવો.'

અમે કહ્યું : "મા, અમે તો નાસ્તો કર્યો છે. જરૂર જેવું

નથી. વળી આપના તરફથી શા માટે ? આપ આજ્ઞા કરશો તો અમે જરૂરથી જમીશું, પરંતુ અમારા ખર્ચે.'

પરંતુ પૂ. માની આજ્ઞા એટલે આજ્ઞા. પંચાલ ભુવનમાંજ નીચે જમવાનું હતું. અમે બધા જમવા ગયા. જમવાનું સાદુ હતું પણ તીખાશને લીધે બધા સંતોષપૂર્વક ના જમી શક્યા. છતાં પૂ. માને સંતોષ થયો કે ચાલો થોડું પણ ગરમ જમ્યા. પૂ. માના વાત્સલ્યભાવનું દર્શન એ શબ્દોમાં થયું. પૂ. માએ અગાઉ કહ્યા પ્રમાણે પૈસા આપી દીધા. એમની સમક્ષ એની આનાકાની કે દલીલ ચાલી શકે નહિ.

અમને થયું પૂ. માને થાક લાગ્યો હશે. લગભગ ૨૯૫ ઉપર દિવસોના ઉપવાસ થયા છે. માએ છેક વડોદરાથી સાતેક કલાકની મુસાફરી કરી છે. થોડો આરામ કરે તો સારૂં. પરંતુ એમણે કહ્યું, 'મને કોઇ થાક લાગ્યો નથી.' પછી ઉમેર્યું : આવતાં થોડું મોડું થયું, કારણકે શામળાજી થઇને આવ્યા. વળી એક ટૂંકે રસ્તે આવવા વિચાર્યું—તો રસ્તો એટલો બધો ખરાબ કે ચૌદ પંદર કિલોમીટર કાપતાં કલાક થઇ ગયો ! આથી સમય બચવાને બદલે વધારે થયો. સાધનામાં પણ કોઇવાર સાધક ટૂંકે માર્ગે પ્રગતિ કરવા ઇચ્છે, પણ સાચા માર્ગદર્શક વિના એવો અટવાઇ જાય કે નીકળી શકેજ નહિ. પૂ. માએ ભૌતિક અનુભવનું સુંદર આધ્યાત્મિક અર્થઘટન પૂ. શ્રીની જેમજ કર્યું.

પૂ. માના સાન્નિધ્યમાં સત્સંગનું અવિરત ઝરણું વહેતુંજ રહે. એમણે વડોદરાથી આવેલ શ્રી લાલાજીને કૃષ્ણનું કોઈ સરસ પદ ગાવા સૂચન કર્યું. શ્રી લાલાજી પૂ. શ્રી સાથે ગંગોત્રી યાત્રામાં પણ ડ્રાયવર તરીકે ગયેલા. પૂ. શ્રીના યાત્રાના સાન્નિધ્યે એમના જીવનમાં ઘણી ક્રાન્તિ આણી. જીવનના



કેટલાય દોષો પૂ. શ્રીના એ સહવાસે દૂર થયા. સંતોનું થોડું પણ સાન્નિધ્ય કેવું જીવન પરિવર્તન કરવા શક્તિમાન છે, તે આવાં ઉદાહરણોમાં જોવા મળે છે.

તા. ૭મીના રોજ પૂ.માએ કહ્યું : "શ્રી જીતુભાઈ ને લાલાજી છે. ચાલો, આજે આપણે વિશ્રામગૃહના સ્થળ ઉપર ચંડીપાઠ કરીએ." પૂ. માની આજ્ઞા થતાંજ બધાં પ્રસન્ન થઈ ગયાં; અને સવારે નવ વાગે જ્યોતિર્મયી વિશ્રામગૃહના સ્થળ ઉપર પહોંચી પૂ.માના સાન્નિધ્યમાં આઠે જણે સાથે બેસીને ચંડીપાઠનું ગાન કર્યું. ભાવનગરના શ્રી શાન્તિભાઈ મહેતાનો સંસ્કૃત ચંડીપાઠનો ગુજરાતી કાવ્યમાં અનુવાદ સરસ છે. આ પાઠનું ગાન પૂ.માએ ઘણાં સ્થળોએ સાધકો પાસે કરાવ્યું છે ને હજી કરાવતાં રહે છે.

અંબાજી નિવાસ દરમ્યાન પૂ.માનું લક્ષ્ય બેત્રણ બાબતો પર ખાસ કેન્દ્રિત થયેલું લાગ્યું. પોતાની સાધનાને વધુ ઉત્કટ બનાવવી. સાથે સાથે જે સાધક ભાઈબહેનો તેમની પાસે આવેલાં છે ને આવતાં રહે તેઓ સર્વેને આત્માભિમુખ કરી સાધના પંથે દોરવાં, સત્કર્મ પરાયણ બનાવવાં અને વિશ્રામ ગૃહના બાંધકામમાં વેગ લાવવો.

સામાન્ય રીતે પૂ.મા સવારે કદી મળતાં નથી. એમનું દર્શન બપોરે બે અઢી વાગ્યા સુધી બીજે થતું નહિ. પરંતુ અંબાજીમાં પૂ.માએ સાધકો ઉપર વિશેષ કૃપા કરી. સવારે તેઓ પોતાના ઉતારા ઉપરથી બહાર નીકળી જતાં અને એથી સાધક ભાઈબહેનોને એમનાં દર્શન અને સાન્નિધ્યનો લાભ સવારથીજ મળતો. સાધકો એમની નજીકમાં બેસી, એમના દર્શન કરતાં કરતાં, જપ, ધ્યાન, સ્તોત્ર પાઠ કે ગીતાનું પારા-

ચણ કરતાં. ખુલ્લામાં પૂ. મા કોઈ દિવસ પંચાલભુવનની અગાસી ઉપર ચઢી જાય, તો કોઈ દિવસ કૈલાસ ટેકરી ઉપર સાધકોને દોરી જાય કે વિશ્રામગૃહના ભોંયરામાં લઈ જાય. આમ સવારથીજ પૂ.માનું સાન્નિધ્ય પ્રાપ્ત થઈ જાય. કેવો સરસ લહાવો ! ફક્ત શરત એટલી કે વાતો થાય નહિ. જે કંઈ સાધન ભજન કરવું હોય તે મૂંગા મૂંગા કરો; જેથી બીજાને વિક્ષેપ ન થાય.

વળી કૈલાસ ટેકરી ઉપરના શિવાલયમાં પૂ.મા બધા સાધકો-ને સાથે બેસાડી મધુરકંઠે શિવમહિમ્નનો પાઠ પણ કરાવે. પૂ.મા કોઈપણ દેવની સ્તુતિ કરતાં હોય, પછી તે શંકર ભગવાન હોય, મા જગદંબા હોય, સાઈબાબા કે પૂ.શ્રી યોગેશ્વરજી ગુરૂદેવ હોય, પણ એવાં તલ્લીન બની જાય કે પોતાની જાતને સંપૂર્ણપણે ભૂલી જાય. સ્થળ અને કાળનું ભાન ભૂલી પોતાનામાં જાણે કે ડૂબી જતાં હોય, એવું જોનાર-ને લાગે.

પૂ.માના ઉપવાસો તો અવિરત ચાલે છે. ખબર પડતી નથી કે તેઓ કેવી રીતે ટકે છે! આજે તો ૩૨૦ દિવસ ઉપર થઈ ગયા! પરંતુ અંબાજીમાં કૈલાસ ટેકરી અમે જતા એ પણ જાણવા જેવું છે. આ સ્થળ અમારા ઉતારાથી દોઢ કિલોમીટર જેટલું દૂર ને સવારની કાતિલ ઠંડી. વળી ટેકરી-ની ચઢાઈ પણ ખરી. છતાં પૂ.મા એટલી ઝડપથી ચાલે કે એમની સાથેની સાધક બહેનોને તો લગભગ દોડવુંજ પડે. તોજ પૂ.માની પાછળ પહોંચાય અને મા એવીજ તીવ્ર ગતિ-થી ટેકરીનાં પગથિયાં કે ઢાળ સહુ પહેલાંજ ચઢી જાય! એમને એ રીતે જોતાંજ આપણને એ સાક્ષાત્ શક્તિના દેહ-ધારી સ્વરૂપ લાગ્યા વિના રહે નહિ. પછી એમનું શરીર



શ્રીમદ્ રામચંદ્રના જેવું અતિકૃશ ભલેને લાગતું !

કૈલાસ ટેકરી ઉપરના શિવાલયમાં એક વૃદ્ધ પૂજારી. તે પૂ.માને ઓળખે, કારણ કે અગાઉ પણ તેઓ સાધકો સાથે બે ત્રણવાર ત્યાં ગયેલાં. તે વૃદ્ધ પૂજારીને પણ પૂ.મા પ્રત્યે ખૂબ ભાવ ને ભક્તિ થયેલાં. તે પૂ. માને નીચે નમીને પ્રેમ-પૂર્વક પ્રણામ કરે.

અમને પહેલી નજરેજ લાગ્યું કે એની આર્થિક સ્થિતિ બહુ સારી નહિ હોય. તેનું ધોતિયું થોડું ફાટેલું હતું; તો ગંજી ફરાક પણ એવુંજ હતું. શિયાળાની ઠંડી અને તેમાં ટેકરી ઉપરનું સ્થાન એટલે ઠંડી તો ખૂબ લાગે. આથી આ પૂજારી બિચારા ફાટેલાં વસ્ત્રો પણ પહેરે, કારણ કે ગમે તે પ્રકારે ઠંડીતો રોકવી જરૂરી. પૂ.માએ આ પૂજારીને વસ્ત્રો આપવાનો સંકલ્પ કર્યો. તા. ૧૨–૧ ના દિવસે પૂ.માના ૩૦૦ ઉપવાસો પૂરા થતા હતા. એટલે તે દિવસે શ્રીજીતુભાઈનાં પત્ની કુન્દનબેને મા પાર્વતીનું ભાવભક્તિપૂર્વક પૂજન કરવાનું વિચાર્યું. ને પૂ.માએ તે દિવસે પૂજારીને એક સરસ નવું ધોતિયું આપ્યું. તો સાથેના બીજા સાધકોએ ગંજીફરાકો, ગરમ ટોપી ને બીજા ઉપવસ્ત્રો, પૈસા વગેરે આપ્યા. તે તો બિચારા આ અણધારી મદદથી ખૂબ પ્રસન્ન થઈ ગયા. એમના મુખ ઉપર આનંદની આભા ઉપસી આવી. પૂ. માએ સહુ સાધકો-ને શીખવ્યું કે સત્કર્મ પરાયણ બનો. તમારાથી જેની પાસે ઓછું છે, જે દીનદુઃખી છે, તેમને આપતાં શીખો. તીર્થ-સ્થાનમાં આવો એટલે પ્રભુ પ્રીત્યર્થે ધનનો સદ્‌વ્યય કરો તો તે જીવનમાં શાંતિદાયક બનશે. ત્યાગ સિવાય જીવનમાં શાંતિ નથી. એનું પ્રત્યક્ષ જીવંત ઉદાહરણ એટલે પૂ.માનું જીવન. ગમે તેવી સુંદર વસ્તુ આપી દેતાં પૂ.માને કદીય સહેજ

વાગે જવાનું નક્કી કર્યું.

શ્રી અંબાલાલભાઇના કલ્યાણ મંડળે વિશ્રામગૃહમાં એક ઓરડાનું દાન આપેલું છે.

પંચાલભુવનથી ત્રણ વાગે નીકળવા માટે તૈયારી તો કરી પણ વિશ્રામગૃહના સ્થળ ઉપર બેસવા માટે પાથરવાનું કોઇ સાધન નહિ. એટલે અહીંથીજ લઇ જવું પડે. એ માટે મોટી શેત્રંજી તો હતી. પરંતુ તેનુ વજન ઘણું વધારે એટલે લઇ જવી શી રીતે!

ત્યાં તો અચાનક શ્રી રેવાશંકરભાઇ પાલનપુરથી સ્કુટર પર આવી પહોંચ્યા. તેમણે તુરતજ સ્કુટર ઉપર શેત્રંજી વિશ્રામગૃહના સ્થળ પર પહોંચાડી દીધી એટલુંજ નહિ, પરંતુ કાર્યક્રમ પૂરો થયાં પછી શ્રી અંબાલાલભાઈ અને એમનાં પત્નીને સ્કુટર ઉપર અંબાજીના મંદિરે સમયસર પહોંચાડી દીધાં જતાં જતાં એમણે કહ્યું : પૂ. માની અનુજ્ઞા મેળવી મેં આ સ્કુટર લીધેલું. આજે મારૂં સ્કુટર લીધેલું સાર્થક થયું. પૂ. માના કાર્યક્રમમાં તે ખપમાં લાગ્યું." ભાગ્ય વગર આવી સેવાની ભાવના માણસમાં જાગતી નથી.

ઘણીવાર પૂ. માને કોઇ વિચાર કે સંકલ્પ થાય કે તુરતજ અણધારી રીતે તે વિચારની પૂર્તિ પ્રભુ કરાવે એવું જોવા મળ્યું. પૂ. મા તા ૧૫/૧ના દિવસે પંચાલ ભુવનની અગાસીમાં બેસી જપ કરી રહ્યાં હતાં. સવારે દસનો સમય થયો હતો. ત્યાં અચાનક પૂ. માની આંખ ઉઘડી તો સામે બે નાના છોકરાઓ પતંગ ઉડાડી રહ્યા છે. વળી માને બંધ આંખે જપ કરતાં જોઇ, આ છોકરાઓ ખૂબ ધીમેથી બોલે. રખે માના ધ્યાનમાં વિક્ષેપ પડે! પૂ. માને છોકરાઓની



આવી ચેષ્ટા જોઇ રમુજ થઈ. સાથે વિચાર આવ્યો કે કંઇ પ્રસાદ હોય તો એમને આપું. પરંતુ આસપાસ કોઈ દેખાયું નહિ. ત્યાં તો એમની નજર પાછળ ગઈ તો જોયું કે રેવાશંકરભાઈ કોઇ મિત્ર સાથે આવીને બેઠેલા. પૂ. માને આશ્ચર્ય થયું! એમણે કહ્યું : આજે અત્યારે ક્યાંથી? ચાલો સારૂં થયું આવ્યા તે. કંઇ પ્રસાદ લાવ્યા છો?

"હા મા, કેળાં ચીકુ, દ્રાક્ષ વગેરે લાવ્યો છું."

માએ કહ્યું : 'લાવો, આ છોકરાઓને આપીએ.' પૂ. મા-એ બન્ને બાળકોને સારા પ્રમાણમાં ફળો આપ્યાં. છોકરાઓ ખૂબ રાજી થઇ ગયા ને પ્રસાદ લઈ પૂ. માને પગે લાગી નીચે ઉતરી ગયા.

પૂ. માની પ્રસાદ આપની ઇચ્છા આમ અણધારી રીતે પ્રભુએ પૂર્ણ કરી.

એવું તા. ૧૬/૧ના રોજ બન્યું. પૂ. મા કૈલાસ ટેકરીના પૂજારીને ગરમ ટોપી વગેરે આપી રહ્યાં હતાં; ત્યાં એમને વિચાર આવ્યો કે એકલાં વસ્ત્ર નહિ, પણ ઉપર પાંચ રૂપિયા દક્ષિણા આપી હોત તો સારૂં. બીજી જ ક્ષણે પૂ. માએ જોયું તો તેમણે જે હાથમાં વસ્ત્રો પકડેલાં તેના ઉપર પાંચ રૂપિયાની નોટ એક બેન ધરી રહ્યાં હતાં! પૂ. માને આમ પોતાનો વિચાર કહેવાની જરૂરત જ ન રહી. તુરતજ પાસે ઉભેલી એક બેનના મનમાં રૂા પાંચ દક્ષિણામાં આપવાની પ્રેરણા પ્રભુએ કરી. પૂ. માનો સંકલ્પ આમ પૂર્ણ થયો.

પૂ. માએ તા. ૧૦મી ને ગુરૂવારે પાણી વિનાનો ઉપવાસ કર્યો. તે દિવસે પૂ. માને ચાલવાનો ઠીકઠીક પરિશ્રમ પડેલો. વળી બોલવામાં પણ વધારે આવેલું. આથી રાત્રે પૂ. માને

અશક્તિ ને થાક જણાવા લાગ્યાં. પાણી ન લેવાને લીધે એમને રાત્રે બોલતાં થોડી તકલીફ જેવું અનુભવાતું. આથી અમે પૂ. માને પ્રાર્થના કરી કે મા, તમે પાણી લો ”

માએ કહ્યું, ‘પાણી લેવાની રૂચિ કે ઈચ્છાજ નથી થતી. પછી શી રીતે લઉં ?’

આથી અમે પૂ. માને વધુ વાતચીત ન કરવા વિનંતી કરી, ઊઠીને સૂવા ગયા. ત્યારે રાત્રિના અગિયાર થયા હતા.

ત્યાં તો દસેક મિનિટ પછી પૂ. માનો અવાજ બહાર લોબીમાં સાંભળી અમે રૂમ બહાર આવ્યાં, તો પૂ. મા ઊભેલાં તેમણે કહ્યું: ‘ચાલો છોકરાંઓ ઊંઘ ન આવતી હોય તો ધ્યાન કરીએ.’

અમે બધાં પૂ. માના રૂમમાં ધ્યાન કરવા બેઠા. રાત્રિની નિરવ શાંતિ ને પૂ. માના સાન્નિધ્યમાં બધાંને ખૂબ આનંદ આવ્યો. કલાક ક્યાં ચાલ્યો ગયો તે ખબર પણ ન પડી.

પૂ. માએ કહ્યું મને એક અદ્ભુત અનુભવ થયો. બાળ-સ્વરૂપના કોઇ નગ્ન સંતપુરુષ મને કહી રહ્યા છેઃ મા, તમને પૂ. યોગેશ્વરજી બોલાવે. એમણે કહ્યું ! આપણી સાધના ને તપ હોય તો આવાં અનેક દિવ્ય દર્શનો થતાં રહે છે.

તા. ૧૩, ૧૪, ૧૫ એમ ત્રણ લાગલગાટ દિવસ પૂ. મા-એ પાણીનું ટીપું પણ લીધું નહિ. ઉપવાસો તો ખરા પણ તેમાંય પાણી વગરના. એટલે કેવું કઠીન અને ઉગ્ર તપ ! આજના યુગમાં માણસ આવી વાત સાંભળીને પણ ધ્રૂજી જાય, તો કરવાની તો વાતજ ક્યાંથી થાય !

આ દિવસો દરમ્યાન પણ કૈલાસ ટેકરી ને વિશ્રામગૃહ ચાલીને જવાનું બનતું અને સમૂહમાં ભજન, ધૂન, વિષ્ણુ-



સહસ્ર પાઠનું વાંચન વગેરે થતું. આમાં બે ટાઇમ ભોજન લેનાર અમે સહુ પણ થાક અનુભવતા. પરંતુ પૂ. માની શક્તિ અને ધૈર્ય તો અદ્ભુત કહેવાય એવાં. શરીર કષ્ટ અનુભવે પરંતુ એમનું આત્મબળ અડગ ને અચળ. તે દિવસે રાતે પણ અમે પૂ. માને પરિશ્રમ ન કરવા કે વધુ વાત ન કરવા વિનંતી કરી.

પૂ. માએ સુરતમાં ત્રણ દિવસના ઉપવાસો પાણી વગર કરેલા. પરંતુ ત્યારે માને મૌન હતું અને બહાર નીકળવાનું ખાસ બનતું નહિ. અત્યારે ત્રણસો ઉપર ઉપવાસનો આંક ચાલતો હતો. તેમાં પાણીય ન લેવાનું એ કેટલું કપરૂં છે તે તો પ્રત્યક્ષ જોઇએ તોજ ખબર પડે. છતાં પૂ. મા ખૂબ પ્રસન્ન અને આનંદિત જણાતાં. પૂ. માની ખૂબી એ છે કે તેઓના મુખ ઉપર કે વ્યવહારમાં એમના આવા ભારે તપ-નું કોઇ અહં કે ભાર જણાય નહિ. તેઓ ખૂબ સરળ ભાવે પોતાના અનુભવોની વાતો કરે અને સાથે વિનોદ પણ કરતાં જાય.

એકવાર શેરડી કાપવા માટે ચપ્પુ માંગતા અમે કહ્યું : ‘મા, એના ટૂકડા કરવાનું કષ્ટ ન ઉઠાવશો. અમે કટકા કરી લેશું.’

એમણે હસીને તુરતજ કહ્યું, “સારૂં, છોકરાઓ વહેંચતાં લડી ન મરતાં.

કેવો હળવો વિનોદ ! કોઇ ભારેખમ તપસ્વીના મુખમાં-થી આવા શબ્દો નીકળે ખરા !

રાત્રે અમને સાથે બેસાડી પૂ.માએ ધ્યાન કરાવ્યું. શરૂમાં કહેલું કે દસ પંદર મિનિટ ધ્યાન કરીએ. પરંતુ ધ્યાનમાં

બેસતાંજ પૂ.માના મનનો લય એવો ઝડપથી થઇ જાય કે તેને પરાણે જાગૃતિમાં ખેંચી લાવવું ન પડતું હોય !

ધ્યાનની પૂર્ણાહુતિ થતા પૂ.માએ કહ્યું "પ્રભુની શક્તિ કેવી અલૌકિક છે ! અમારા મન અને તનને કેવી સરસ રીતે એ સંભાળે છે ! તમે નહિ માનો, પણ પાણી વગરના ઉપવાસો-માંય રોજ સવારે અમને નિયમિત પેશાબ થાય છે. પહેલાં હું પાણી ઓછું પીતી તો મને બળતરા ને એવું થતું. પરંતુ આટલા પાણી વગરના ઉપવાસો છતાં જાણે અંદરનું તંત્ર પ્રભુ એવી સરસ રીતે ચલાવે છે કે આવું કશું થતું નથી."

પછી કંઇ વાત નીકળતાં પૂ.મા એ પોતાના આ વ્રતના પ્રયત્નના સંદર્ભમાં કહ્યું : જુઓને, આ છોકરાઓ પતંગ ચઢાવવામાં કેટલો બધો પરિશ્રમ ઉઠાવે છે ! વળી સંસારમાં નોકરી કે ધંધામાં ઓછી ઉપાધિ છે ને ઓછો પરિશ્રમ કરવો પડે છે ? અને મુખ્ય વાત તો એ છે કે એ પરિશ્રમના અંતે જીવન સાફલ્યની દિશામાં તો કોઇ પ્રગતિ થતી નથી. એ માટેનો પરિશ્રમ તો કરવાનો છેવટે બાકીજ રહે છે ત્યારે આ શરીર તો જે પરિશ્રમ ઊઠાવે છે તે પ્રભુ પ્રાપ્તિ માટે છે. એમાં કષ્ટ તો પડે. પરંતુ ઇશ્વર માટે તપવામાંય આનંદ છે. એ કષ્ટ ઉઠાવવા જેવું છે એટલે મન દુઃખ નથી અનુભવતું."

ઉઠતાં સૂચના આપી, સવારે સાડા ચારે ઉઠી જજો. ઉઠાડવા નહિ આવું. પોણા પાંચે પ્રાર્થનામાં બેસીશું. જે નાહી શકે તે નાહી લેજો. પૂ.શ્રીની આજ્ઞા પ્રમાણે સવારે ૫-૩૦ અમે લીંબુનું પાણી લેશું."

આ સમયમાં તેઓ શ્રીરામદાસજીનું પુસ્તક ઇશ્વરના સાન્નિધ્યમાં વાંચતાં. તેમાંના કેટલાક સમર્પણ અને શ્રદ્ધા



પ્રેરક પ્રસંગો પણ અમને વાંચી સંભળાવતાં, જેથી અમેય અમારા જીવનમાં એ ગુણો વિકસાવીએ.

શિયાળાની ઠંડીમાં ઠરેલા પાણીથી વહેલી સવારે સ્નાન કરવું ઘણું કપરૂ કહેવાય. પરંતુ અમારામાંથી ચાર બહેનોએ તે વખતે સ્નાન કરી લીધેલું. ભાવના માણસમાં કેવું બળ પ્રેરે છે, તેનું દર્શન એમાં થાય.

પૂ. માએ બરાબર પોણા પાંચે પોતાનો દરવાજો ખોલ્યો તો અમે બધાંજ તૈયાર ઊભેલાં હતાં. પૂ. માને તે જોઇ આનંદ થયો.

પ્રથમ પ્રભુની પ્રાર્થના અને પછી ધ્યાન થયું. વહેલી સવારની એ શિતળ નીરવ શાંતિ મન અને અંતરને સહજ રીતે સ્પર્શી ગઇ. પોણો કલાકની એ બેઠક ખૂબ સુખદ રહી. પૂ. માએ કહ્યું આપણી ધ્યાન શિબિરોમાં પણ આ પ્રયોગ કરવા જેવો લાગે છે. આજે અમને શ્રીકૃષ્ણ, શ્રીનાથજી અને સાઇબાબાના દર્શન થયાં. તેઓએ જે બહેનોએ સ્નાન કર્યું હતું તેમને પ્રસાદ આપ્યો. બીજાઓને સ્નાન પછી.

સવારે આઠ વાગે અમે ખાસ જીપમાં ખેડબ્રહ્મા માતાજી ગયાં. જતાં રસ્તામાં કૈલાસ ટેકરીની અમારી મુલાકાત અગિયાર દિવસમાં પાંચમી વારની હતી.

ખેડબ્રહ્મામાં પૂ.માનું સંસ્થાના મેનેજર શ્રી ભાઇશંકરભાઇ ત્રિવેદી અને એમનાં પત્નીએ ખૂબ પ્રેમપૂર્વક સ્વાગત કર્યું. પૂ. મા અને બધાં સાધક બેનોને મંદિરના ગર્ભદ્વારમાં લઇ જઇ દર્શન ને પૂજન કરાવ્યાં. સહુને ભાવપૂર્વક જમાડયાં.

વડીલ શ્રી ભાઇશંકરભાઇએ જ્યારે માના ચરણોમાં નમ્ર-ભાવે પ્રણામ કર્યા ત્યારે માએ સાધકોને કહ્યું : "પૂ. મહાત્માજી

એ શીખવ્યું છે કે નમસ્કાર ઝીલતાં કદી અહંકાર ન થાય તે જોવું. લોકો આપણને નહિ પણ આપણામાં રહેલી પરમ ચેતનાને નમે છે. એ ભાવ સદા ધરવો.

વિદાય થતાં પહેલાં પૂ. માએ જીવીબેનની ઓરડીમાં જઈ એનું ગંગાજળ સ્વીકાર્યું પછી કહ્યું "તારી ભાવના જમાડવાની હોય તો થોડાં બોર લઇ આવ. પ્રભુ આજ્ઞા કરશે ત્યારે લેશું."

જીવીબેન ઝડપથી દોડીને બોર લઈ આવી. પૂ.માને આપ્યાં. એ દૃશ્ય જોઈ અમને શબરીનાં બોર ને વિદુરજીની ભાજી યાદ આવી ગઈ. સંતોને પ્રસાદ અર્પણ કરવા ને સ્વીકારવા લોકો વિનંતી કરતા હોય છે. ત્યારે સામેથી સંત પ્રસાદ માગે એ ભક્તનું ભાગ્ય કેટલું મોટું?

પૂ.માએ એ બોરમાંથી થોડાં બોર જીવીબેનને પ્રસાદ તરીકે આપ્યાં, થોડાં રાખ્યાં.

પૂ.માએ પણ ખેડબ્રહ્માથી પાછાં અંબાજી જતાં જગદંબાના ઉપાસક શ્રીભાઈશંકરભાઇના ચરણોમાં નીચા પડી પ્રણામ કરી આશીર્વાદ માગ્યા; ત્યારે એ પવિત્ર, પુણ્યશાળી મહાનુભાવના મુખમાંથી શબ્દો સરી પડ્યા "આપ તો સ્વયં શક્તિ છો, હું આપને શું આશીર્વાદ આપું!" એટલું બોલતાં એમની આંખો સજળ બની ઉભરાઇ આવી.

પૂ.માની કેટલી બધી નમ્રતા!

પૂ.માએ ત્રણ બહેનો સાથે અંબાજી તરફ વિદાય લીધી. ત્યારે અમારા કાનમાં એમણે ગાયેલી પ્રાર્થનાના શબ્દો ગૂંજી રહ્યા હતાઃ-



જય જય જય ગુરુદેવની શક્તિ.  
વંદુ પુનિત પ્રભાતે,  
ક્ષણભર ચિન્તા આવી પડે તો,  
મંગલ માર્ગ બતાવે,  
જય જય જય ગુરુદેવની શક્તિ

અમે ખેડબ્રહ્માથી અમદાવાદ રવાના થયાં, પરંતુ અમારાં મન-અંતર તો વિરુદ્ધ દિશામાં પૂ.માની પાછળ પાછળ જઇ રહ્યાં હતાં. સંત પુરુષોના નિર્વ્યાજ પ્રેમનું ખેંચાણ પણ કેવું અજબ હોય છે!

[આ લેખમાંનો કેટલોક ભાગ શ્રી મંજુલાબેન ભાવસારના લેખના આધારે]

બધી પ્રતિકૂલ પરિસ્થિતિનો સામનો કરી તેના પર વિજય મેળવો. વીર બનો. કદી પણ નિરાશાને તમારા જીવનમાં સ્થાન ન આપો. તમે અવશ્ય સફળ થશો. સાચા પુરુષાર્થથી સંસારની કોઇપણ વસ્તુ અપ્રાપ્ય નથી.

# આત્મા અને શરીર

સંકલનઃ—ઈશ્વરલાલ એમ. શાહ

તમે એટલે આત્મા—શરીર નથી. માલિક. માલિકની વસ્તુ સદા જુદીજ હોય છે. માલિક પોતાની વસ્તુને જુવે છે એટલે તેનું વર્ણન કરે છે. તમે બધા નાના હતા, ભણતા હતા, મિત્રો હતા, પછી મોટા થયા, નોકરીએ લાગ્યા, પરણ્યા, બાળકો થયાં આ બધું જાણો છો એટલે તમે અને આ બધું જુદું છે. આ બધાને સંબંધ શરીર સાથે છે. તમારી સાથે નથાં. તમે માત્ર જોનારા છો. તમે બોલી ન શકો, ખાઇ ન શકો, ભણી ન શકો, પ્રવૃત્તિ કરી ન શકો, તમારે કદી કાંઈ કરવાનું નથી. કારણ તમે પૂર્ણ છો. અપૂર્ણને કરવાનું છે. આ કારણે બોલવા કરતાં ન બોલવું શ્રેષ્ઠ છે; કરવા કરતાં ન કરવું શ્રેષ્ઠ છે. સાંભળવા કરતાં ન સાંભળવું શ્રેષ્ઠ છે. વિચારવા કરતાં ન વિચારવું શ્રેષ્ઠ છે. તમોને પ્રશ્ન થશે. કરવા કરતાં ન કરવું કેમ શ્રેષ્ઠ ?

કરવું એ શ્રમ છે. ન કરવું વિશ્રામ છે. કોઇપણ માણસ ૨૪ કલાક કોઇ કર્મ નહિ કરી શકે. ન કરવામાંથી કરવાનો જન્મ થાય છે અને પાછું કરવાનું ન કરવામાં વિલય થાય છે. ગતિ સ્થિરતામાંથી જન્મે છે અને પાછી સ્થિરતામાં ગતિ-નો લય થાય છે. તે વાત વૈજ્ઞાનિકોએ સિદ્ધ કરેલી છે. તમારો પણ અનુભવ છે કે ગાડાનું પૈડું ફરે પણ ગાડામાં ધરી ન ફરે, અને ધરી ન હોય તો ગતિ ન થાય. આ પ્રમાણે તમે આત્મા ધરી છો. સ્થિર છો અને બોલવા કરવાનું વગેરે તમામ ક્રિયા એ પૈડું છે. આ ક્રિયાઓ સ્થિરતાની આસપાસ થાય છે. એટલે તમારી આસપાસ બધી ક્રિયાઓ થાય છે.



તમારી એટલે શરીરની નહિ, આત્માની. હવે જે બધી ક્રિયા-ઓ કરે છે તેનું નામ શરીર છે. અને જે સદા સ્થિર છે તે તમે છો—આત્મા છો. તમે પૂર્ણ છો. શરીર અપૂર્ણ છે. તમારે અન્ન વસ્ત્ર મકાનની જરૂર નથી. શરીરને છે. હવે શરીર પોતેજ અન્ન—વસ્ત્ર—મકાન મેળવી લે છે. પણ તમે ખોટું દૃઢ કર્યું છે કે "હું શરીર છું." અન્ન, વસ્ત્ર મકાનની ચિંતા છે. એટલે પૂર્ણમાંથી અપૂર્ણ બનીને ભિખારી થયા છો.

હવે શરીરને સંબંધ સંસાર સાથે છે. તમારે સંબંધ આત્મા સાથે છે. શરીર જન્મે છે સંસારમાં. પોષણ સંસાર કરે છે. સંસારજ પત્નિ આપે છે. અન્ન—સંસાર, મકાન સંસાર, વસ્ત્ર સંસાર અને શરીર મરે તો બાળે પણ સંસાર, એટલે શરીર—સંસાર એકજ છે. આ શરીરને ગમે તે જમાડો તો પણ મૃત્યુ પામે છે. અને ઉપવાસ થાય તો પણ મૃત્યુ પામે છે. શરીરનું મૃત્યુ ચોક્કસ છે. જમાડવા ન જમાડવા સાથે એને સંબંધ નથી.

શરીરનો ઉપયોગ બીજા માટે છે, તમારે માટે નથી. જો તમારા માટે તમારા શરીરનો ઉપયોગ કરશો તો રોગથી બચશો નહિ. દુઃખ અવશ્ય આવશે. કોઇ ઈશ્વર નહિ બચાવે. હવે દુઃખ જોઇતું હોય, રોગ જોઇતો હોય, તો શરીરનો ઉપયોગ તમારે માટે કરજો.

હવે શરીરનો જન્મ કેમ થાય છે ?

તમારાં કર્મો શરીર જન્માવે છે. તમોએ અગાઉ જે જે કર્મો કરેલાં તેમાં બે વાત થાય છે. (૧) ક્રિયા Action (૨) પ્રતિક્રિયા—Reaction. ક્રિયા તો થઇ ગઈ પણ પ્રતિક્રિયા બાકી હતી. તમે કોઇને તમાચો માર્યો તે ક્રિયા તો તમાચો મારતાં થઇ ગઈ, પણ તેની જે પ્રતિક્રિયા બાકી છે, તે તમારા

ચિત્તમાં પડે છે. આવી પ્રતિક્રિયાનું નામ વાસના છે. જે આવી પ્રતિક્રિયા ધોવા અતિક્રમણ કરે છે. જ્યાં અતિક્રમણ ત્યાં પ્રતિક્રમણ જરૂરી છે. પ્રતિક્રમણ એટલે ક્ષમા, પશ્ચાતાપ. તો ચિત્ત ઉપર પ્રતિક્રિયા જે વાસના છે તે ધોવાઈ જશે. જો ચિત્ત ઉપર વાસના જામી તો તે ભોગવવા માટે તમારે શરીર ધારણ કરવું પડશે, કારણ કે પ્રતિક્રિયા તો સરભર કરવીજ પડશે. તમારીજ પ્રતિક્રિયા છે. ઈશ્વરને ફળ દેવું પડે. આ વાસના જે કર્મોનું ફલ છે, તેજ શરીર પેદા કરે છે. વાસના ન હોય તો શરીર ન હોય. હવે તમે જોયું કર્મમાંથી વાસના, વાસનામાંથી શરીર. પાછું શરીરથી કર્મો. આ ચક્ર ચાલ્યાજ કરે છે તેનું નામ સંસાર.

કર્મ–શરીર–સંસાર એક જાતનાં છે. તમે ઈશ્વર એક જાતના છો. તમે–ઈશ્વર ચેતન છો. કર્મ–શરીર–સંસાર જડ છે. ચેતન પોતે ખોટી માન્યતાથી શરીરને પોતાનું માનેલ છે, જેથી શરીર ચેતન જેવું લાગે, પણ છે નહિ. એ ચેતન–જડ જુદા છે. તે તમે જાણો છો છતાં ભૂલ ચાલુ રાખો છો. ભૂલોનો દંડ તો શરીર. ભૂલને ભૂલ માની તેનો ત્યાગ કરો તો મોક્ષ છે. માન્યતાનો જ ત્યાગ કરવાનો છે. ઘરનો, કપડાંનો, પતિનો, બાળકોનો, સંપ્રદાયનો ત્યાગ કરવાનો નથી. માત્ર "હું શરીર છું" ખરેખર શરીર નથી પરંતુ એ ખોટી માન્યતા પકડેલ છે તેનો ત્યાગ કરવાનો છે.

આત્મા પૂજવા યોગ્ય છે. શરીર ગંદકીનું ઘર છે–નિંદવા જેવું છે. તમને પ્રશ્ન થશે કે શરીર તો સાધન છે. હું પણ માનું છુ કે શરીર સાધન છે. પણ જે માનવમાંથી સાધક બને. સાધક એટલે ભૂલ જાણી તેનો ત્યાગ કરે. આવા સાધકનું શરીર સાધન છે. બાકી કશું નહિ.



શરીરને ગરમી–ઠંડી વરસાદમાં રાખો તો રોગ ન આવે. પંપાળો તો શરીર ઉંધુ ચાલે. આ ઠીક પંપાળનારો મળ્યો છે. લાડ કર્યા કરે છે. શરીરનો ખ્યાલ ભૂલો.

'મન' હું છું એટલેજ બંધન. મનને મારો પાટુ કે 'હું મન નથી' તો મન સીધુ. ખરેખર મન તમે નથી. જો મન તમારું હોય તો તમારા કાબુમાં હોવું જોઇએ. આ બેબી તમારી છે તો કાબુમાં છે. મન કદી રામ પાસે જતું નથી. મન મારું નથી' તે જ્યારે દૃઢ થાય ત્યારે સીધુ રામ થશે. રામ અયોધ્યામાં નથી, રામ તમારી સાથે છે. તેં મનને મારું માન્યું છે એટલે લાડ કરે છે. રામ પાસે નથી જતું.

હવે આજે આત્મા–શરીરની વાત થઇ. આત્મા એટલે સંસારનું અંગ. શરીરને જન્મ દેનાર તમારાંજ કર્મો. આત્મા ચેતન, શરીર–જડ. ચેતન–જડનો સંબંધ તમારી ભૂલનું કારણ છે. કોઇ પાપ નથી. કોઇ દોષ નથી.

આત્મા તે વ્યષ્ટિ છે જ્યારે પરમાત્મા તે સમષ્ટિ છે. વ્યષ્ટિ એટલે એક, સમષ્ટિ એટલે અનેક. જે આત્મા–પરમ–આત્મા બને છે તે છે ઈશ્વર. આત્મા–પરમઆત્મા બને એટલે શરીરથી પોતે જુદો છે તે દૃઢ થાય. રામ, કૃષ્ણ આત્મામાંથી પરમ–આત્મા બનેલ જે ઈશ્વર છે. દરેક રામ, કૃષ્ણ બનવા અધિકારી છે. કોઇ પરાધીન નથી. જો માત્ર રામ, કૃષ્ણજ ઈશ્વર બને બીજા ન બની શકે તો ઈશ્વર પક્ષપાતી ગણાય. તમે કેમ નથી બનતા ? આ પ્રશ્ન સહજ દરેકને થશે તેનાં કારણ–(૧) વિવેક વિરોધી કર્મોનો ત્યાગ નથી કરતા (૨) વિવેક વિરોધી સંબધોનો ત્યાગ નથી કરતા (૩) વિવેક વિરોધી વિશ્વાસનો ત્યાગ નથી કરતા.

વિવેક વિરોધી કર્મો શું છે ? તે તપાસીએ.

(૧) કર્મને સંબધ શરીર સાથે છે. (૨) શરીર પ્રકૃતિનું કાર્ય છે (૩) આ પ્રકૃતિની ક્રિયાને તમે તમારી ક્રિયા માની બેઠા છો. જેથી પ્રકૃતિની ક્રિયા છે જે તમારું કર્મ બને છે. તમારા શરીરથી જે જે ક્રિયા થાય છે તે તમારી નથી, છતાં તમે શરીરને 'હું શરીર' માનેલ છે. જેથી પ્રકૃતિની ક્રિયા, તમારું કર્મ બનેલ છે. હવે ધારો કે ક્રિયા તમારી છે તો ક્રિયા ઉપર તમારો કાબુ જોઇશે. બોલો કોઇ માનવ ૨૪ કલાક કામ કરી શકશે ? ના. તો સાબીત થયું કે ક્રિયા ઉપર તમારો કાબુ નથી. ક્રિયા બીજાની છે. કોઇ માનવી ૨૪ કલાક બોલી શકશે ? ના. ન બોલવાની સ્થિતિમાં ફરજીઆત જવું પડશે.

ન બોલવાની સ્થિતિમાં કોણ ખેંચી જાય છે ?

બોલવું તે શ્રમ છે. આ શ્રમ તે પ્રકૃતિ છે. ન બોલવું તે વિશ્રાંતિ છે. આ વિશ્રાંતિ તે આત્મા છે. જે તમે છો. આ કારણે હું મારા સેવકને કહું છું હવે તો ભજન કરો. તો તરત જવાબ આપે છે કે બાપુ, દીકરા–દીકરીને પરણાવી લેવા દો. મકાન થઇ જવા દો. પછી આવીશ. આ તમે શું બોલ્યા, તે ખબર છે ?

બાપુ કરવાનું કરી લેવા દો. પછી ન કરવાની સ્થિતિમાં એટલે વિશ્રામમાં આવીશ. કરવાનું તો શ્રમ. કોઇપણ શ્રમ દુઃખજ છે. એટલે હમણાં મને દુઃખી થવા દો. આ પ્રમાણે કર્મ બધાંજ દુઃખ છે. માત્ર એક સેવા કર્મ સુખ છે. સેવા કર્મ શા માટે સુખ છે ? સેવા કરવાથી સુખ ભોગનો નાશ થાય છે. અને શરીર સંસારથી ઉપર ઉઠાય છે. યોગવિત્ થવાય છે.

( ક્રમશઃ )

[ પ. પૂ. સ્વામિશ્રી સંપૂર્ણાનંદજી બાપુ યોજીત સાધના શિબીરના સત્સંગમાંથી. ]



# સાચા ગુરુનાં લક્ષણ

સંત રવિદાસ

વાસ્તવિક રીતે જોઇએ તો સાચા ગુરુની ઓળખ કોઇ બાહ્ય ચિહ્ન ઉપરથી કરી શકાતી નથી. તેઓ તો પરમાત્માનુંજ સ્વરૂપ છે. તેઓ આંતરિક રીતે પરમાત્મા સાથે જોડાયેલા રહે છે. એમની અંતરંગ વૃત્તિ હરહંમેશ પરમાત્મામાં ડૂબેલી રહેલી છે. પ્રભુના નામસ્મરણથી તેઓ રંગાએલા હોય છે અને પ્રભુનું નામ એજ એમનો એક માત્ર આધાર હોય છે. બહારથી જોઇએ તો તેઓ એક સદ્‌ગૃહસ્થનું જીવન જીવતા હોય છે અને પ્રામાણિકતાથી પોતાની આજીવિકા ચલાવતા હોય છે. તેઓ કદીય બીજાઓ ઉપર બોજારૂપ થતા નથી.

સંસારનાં સુખદુઃખ, જન્મ મરણ, લાભ હાનિ તેમજ હારજીત વગેરે દ્વંદ્વોની અસરથી તેઓના મનમાં કદી હર્ષ કે શોકની લાગણી પેદા થતી નથી. તેઓ કદીય અકર્મણ્યતા કે નિષ્ક્રિયતાનું જીવન જીવતા નથી, એટલુંજ નહિ પરંતુ હરહંમેશ કોઇપણ પ્રકારના ફળની ઇચ્છા વિના સહજરીતે પ્રાપ્ત થતા પોતાના કર્તવ્ય કર્મમાં લાગેલા રહે છે. તેઓ જલ–કમલવત્ આ સંસારમાં રહે છે. સાંસારિક વાતાવરણ એમને સ્પર્શી શકતું નથી. તેથી તેઓ બધાથી નિર્લેપ હોય છે. તેઓમાં અહંકાર કે અહંભાવનો છાંટોપણ હોતો નથી. તેઓ સર્વનું હિત ચાહતા હોય છે, પછી કોઇની પ્રત્યે દ્વેષ તો એમને હોયજ કયાંથી ?

બીજાઓનાં દુઃખ જોઇ એમનું હૃદય દ્રવી ઊઠે છે. એઓ ખૂબજ દયાળુ ને ક્ષમાશીલ હોય છે; છતાં એનો કોઇ દેખાવ

કરતા નથી. તેમજ પોતાને કદી ગુરુ કહેવડાવવાની ઇચ્છા પણ ધરાવતા નથી. તેઓ હંમેશા સત્ય વ્રતનું પાલન વાણી અને વ્યવહારમાં કરતા હોય છે. જૂઠ, કપટ, પક્ષાપક્ષીથી તેઓ હંમેશાં દૂર રહેવાનું પસંદ કરે છે.

એમની વાણી એટલી બધી મીઠી હોય છે કે એ સાંભળતાંજ લોકોનાં હૃદય એમના તરફ ખેંચાણ અનુભવે છે. એમના દર્શન કે સ્પર્શ માત્રથી માણસ મનમાં અપૂર્વ શાંતિ ને આનંદ-નો અનુભવ કરે છે.

એમનામાં પવિત્રતા એટલી બધી હોય છે કે આંતરિક અથવા બાહ્ય અશુદ્ધિ એમની પાસે ફરકી શકતી જ નથી. એમને દુન્યવી વિષયો પ્રત્યે લેશમાત્ર આસક્તિ હોતી નથી. તેઓની વિવેકવૃત્તિ સદૈવ જાગૃત હોય છે એટલે તેઓ નિર-ક્ષીર વિવેકથી વાસનાઓના વિષનો ત્યાગ કરી, પરમાત્માના પ્રેમરૂપી અમૃતનુંજ પાન કરે છે. તેઓએ પોતાના મનમાંથી બધાજ વિકારો અને લૌકિક વાસનાઓને દેશવટો દીધો હોય છે. તેમનું જીવન ફક્ત એક ઈશ્વરનેજ સમર્પિત હોય છે. અર્થાત્ પોતાના જીવનનું સર્વસ્વ પોતાના પ્રભુનાં શ્રીચરણોમાં આનંદપૂર્વક સમર્પિત કરવા તૈયાર રહે છે.

જે પરમાત્માના નામનું સ્મરણ સતત કરે છે તેને સંત સમજવા જોઈએ; કારણ કે પરમાત્માની ભક્તિ સિવાયનો મનુષ્ય જન્મ વ્યર્થ છે. જે કુટિલ માણસ માયામાં ફસાઈને પરમાત્માનાં શ્રીચરણોમાં પ્રીતિ કરતો નથી તેમજ જેના મનમાં પદ ને પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવાની ભાવના ને અહંકારનો નિવાસ છે, તેવી વ્યક્તિને ભલા સંત શી રીતે કહેવાય ?

જે દિવસે પરમાત્માના પ્યારા ભક્ત કે સાચા સદ્ગુરુનો મેળાપ થાય, તે દિવસ જીવનનો ખરેખર પરમ સૌભાગ્યશાળી



દિન છે; કારણ કે પરમાત્માના પ્યારા ભક્તો જ્યાં પગલાં પાડે કે બેસે છે, તે સ્થળ પવિત્ર બની જાય છે. સંતો આ સંસારમાં કેવળ દયાભાવથી પરોપકાર કરવાજ આવતા હોય છે તેમજ જે અધિકારી જીવો એમના સંપર્કમાં આવે છે તેનું પ્રથદર્શન કરી તેમને ભવ-સાગર પાર કરવામાં સહાય કરે છે.

સાચા શિષ્યને પોતાના સદ્ગુરુના દર્શનથી જે આનંદ થાય છે, તેનું વર્ણન થઈ શકે તેમ નથી. ભૌતિક પદાર્થોમાં અને ઇન્દ્રિયોની વિષય વાસનામાં આસક્ત જીવોને એ અલૌ-કિક આનંદની કલ્પના પણ ક્યાંથી આવી શકવાની ? તેઓ સાચા સંતના અદ્ભુત મહિમા અને નિરાળી શાનની કલ્પના ક્યાંથી કરી શકે ?

સાધુસંતોનો મેળાપ થવાથી જે સુખની સંપ્રાપ્તિ થાય છે, તેને વર્ણવી શી રીતે શકાય ? એમની હાજરીમાં પ્રભુના ગુણગાન ગાતાં સંસારના બધાજ કલેશો દૂર થઇ જાય છે. સંતોનો મહિમા માયાની જાળમાં ગડાબૂડ ડૂબેલા સંસારી વિષયાસક્ત જીવોને ક્યાંથી સમજાવાનો ? એમની હાલત તો ઘાંચીના બળદના જેવી છે. તે નિરંતર ફર્યા કરે છે. એની આંખ ઉપર ઢાંકણુ છે. આ જીવોની આંખ ઉપર પણ માયાનું આવરણ કે અવિદ્યાનું પડળ ચઢેલું છે. તેથી તેને સંતો કે ઈશ્વરનો મહિમા નહિ સમજાય.

અંતમાં સંત રવિદાસજી કહે છે કે જે પરમાત્માની ભક્તિમાં લીન છે, તેને ધર્મ, અર્થ, કામ અને મોક્ષ-ચારો પદાર્થોની સંપ્રાપ્તિ થઈ ગઇ છે એમ સમજવું.

## મુક્તક – મધુ

### સંસાર

નથી સંસાર આ મિથ્યા, પ્રભુનું વ્યક્ત દર્શન છે!
પ્રભુને પ્રીછવા કાજે, મળ્યો સંસાર સૌને છે!
બધે જેમાં અને તેમાં, પ્રભુનો અંશ નીરખીને—
કરે ભક્તિ જીવનની જે, પ્રભુ તેને સ–જીવન છે!

*

### જીવનશુદ્ધિ

ગમે તેવી ભલે ને હો, ગટરમાં ગંદકી ભારે!
સરિતામાં ભળે છે જ્યાં, વિશુદ્ધિ થાય છે ત્યારે!
ત્યમ, હૃદય–ભાવે વળે છે જે પૂરેપૂરો પ્રભુશરણે,
ભલે ખરડાયલો છો હો, પ્રભુ નિર્મળ કરે તેને!

*

### મન અને હૃદય

મનને પૂછ્યું મેં : 'તુજને સૌથી ગમે છે શું વધુ?'
એણે કહ્યું : 'મુજને ગમે ધન, માન ને કીર્તિ વધુ!'
પૂછ્યું હૃદયને એક દી : 'તુજને ગમે છે શું વધુ?'
ધીરે રહી એણે કહ્યુ : 'સત્સંગનું સંચિત મધુ!'

રતિલાલ સાવસાર



## કોટિ વંદન કરીએ

( રાગ–ભીમપલાસી )

કોટિ વંદન કરીએ.
ગુરુજીને કોટિ વંદન કરીએ.

કામ ક્રોધ મદ લોભ નિવારે, હૈયું હરિમાં જોડે;
ગુરુની વાણી અમૃત જેવી, માયાની જાળને તોડે.
...ગુરુજીને૦

અંત સમયે નાડીઓ તુટશે, વહાલાઓ દેખી રહેશે;
ગુરુની વાણી રૂદિયે રહેશે, કોઈ ન સાથે જાશે.
...ગુરુજીને૦

ભવાટવીમાં ભટકતા જીવને, મારગ સરખો બતાવે;
ભવભંજનની ઝાંખી કરાવી, ભવના ફેરાને ટાળે.
...ગુરુજીને૦

પુ. દ. પાઠક

## મન

ધસે જ્યાં ત્યાં વેગે શરગતિ, પ્રતિઘોષ ન પડે,
ગમે તેવા દેશે, વિજન વગડેયે જઈ અડે!
કશાનું કો'કાળે વિષમ વ્યવધાને નવ નડે,
અજાણ્યા-જાણીતા મનુજમનવિશ્વે જઈ ચડે.

ગમે તે ઉદ્યાને કુસુમરજમાં મૂર્છિત થતું!
પરાગે શું રાગી! મધુકણ વિષે લુબ્ધ બનતું.
પડે દષ્ટે શૃંગો, ખીણ તરફ દષ્ટિ ન પડતી,
પ્રકાશી સામ્રાજ્યે, રજની પગલી માંડ નડતી.

કશું વિદ્યુત્વેગી! તરલ અદકું પારદ થકી,
અધોઉર્ધ્વે મ્હાલે! નિયતિનયયોગે પથનકી.
રચે-ધ્વંસે વિશ્વો, શિવ-અશિવ સંકલ્પ ધરતું,
ગતિ ઈષ્ટે શ્રેયસ્, વિપથ ગતિ સૌનષ્ટ કરતું.

કશા અભ્યાસે રે મન! કવણ વૈરાગ્ય વરવું?
કઈ મંજુષામાં રતન રીતથી સ્થિર ધરવું?

ડૉ. રણજિત પટેલ (અનામી)



# ગંગોત્રીની યાદ

ઈશ્વરભાઈ ભક્ત

મને બરાબર યાદ છે કે ઇ. સ. ૧૯૮૩ના જુન માસના પ્રથમ દિવસે અમે પૂજ્ય યોગેશ્વરજી સાથે ગંગોત્રીમાં હતાં. અમે બધાં મળીને મા સર્વેશ્વરી સાથે અગિયાર જણ હતાં. ગંગોત્રી લગભગ દસ હજાર ફૂટની ઊંચાઇએ છે. ઝરણામાંથી નદી સ્વરૂપે ગંગાજી અહીંથી પ્રગટપણે ખૂબ વેગથી વહેવા લાગે છે. અમે તો ત્યાં છેક સાંજે પહોંચ્યા હતાં. બસમાંથી ઉતરતાંજ સામેના પહાડોના શિખરો જાણે હસતા હસતા આનંદથી અમારો સત્કાર કરતા હોય તેવા બરફથી બનેલા જણાતા હતા! ઉનાળાનો દિવસ હોવા છતાં અમે ઠંડીનો અનુભવ કરતાં હતાં. જાણવા મળ્યું કે રાત્રે તો પવન પણ ફૂંકાતો હોય છે! રાત્રે બહાર નીકળવાની કોઇ હિંમત કરે જ નહીં! આવું વાતાવરણ છતાં અહીં રાત્રિ રોકાણ કરનાર યાત્રાળુઓ સારા પ્રમાણમાં હોય છે. રહેવાનું અને જમવાનું મોઘું હોવા છતાં લોકો સંધ્યાટાણે થતી ગંગાજીની આરતી-માં હાજરી આપવા શ્રદ્ધાથી રોકાવાનું પસંદ કરે છે. વળી અહીં સ્નાનનો પણ મહિમા છે. જો કે પાણી તો ખૂબ ઠંડું હોય છે. પગ બોળવાની ભાગ્યે જ કોઇ હિમ્મત કરે! તે છતાં શ્રદ્ધાભક્તિથી લોકો સ્નાન કરે છે.

અમે પણ આરતીમાં હાજર રહેવા ઉતાવળે ઉતારો સ્વી-કારી લીધો હતો. હાથ પગ મોં ધોઇ સંધ્યાટાણે સમયસર બધાં આરતીમાં હાજર રહી શક્યાં હતાં. અસ્ત થતા સૂર્યની આભા જોઈ હૃદય આનંદિત થયેલું. એક તરફ આરતીના

લોકસ્વરને ઉઠાવ આપતો ઘંટનાદ થતો હતો અને બીજી તરફ તે નાદમાં સંવાદી બનવા પ્રયત્ન કરતા ગંગાજીના વેગનો ઘુઘવાટ ભળતો હતો. વાતાવરણ ખૂબ દિવ્ય લાગતું હતું! અમે પણ કેટલાં બધાં સદ્ભાગી કે દિવ્ય વાતાવરણનું અમૃત લોકોત્તર મહાપુરૂષની દિવ્ય ગોદમાં રમતાં રમતાં આકંઠ પી રહ્યાં હતાં! મુગ્ધ મન જન્મસ્થળ, ઘરબાર બધું જ ભૂલી ગયું હતું!

રાત્રે આરામ કર્યો હતો ને સત્સંગની સુધાનું પાન કર્યું હતું. જો કે પૂજ્યશ્રીની તબિયત સારી જણાતી ન હતી. તેમના શરીર પર થાક વર્તાતો હતો. મરચું ખોરાકમાં સહેજ પણ અનુકૂળ ન હતું! તેથી ભૂલેચૂકે મરચું જરા પણ આવી જતું તો તેમને ઝાડા થઇ જતા હતા. તે કારણે અશક્તિ પણ જણાતી હતી. છતાં તેઓ અમારી સાથે હંમેશા જોડતા હતા. રાત્રે સત્સંગમાં અનેરી મજા આવી હતી. તેમની શીઘ્રકવિત્વ શક્તિનાં અમને સહુને દર્શન થયાં હતાં! શ્રી જિતુભાઇના સંબંધી કે જેઓ મહાત્માજીની ગાડી હાંકીને આવ્યા હતા તેમણે એક પદ ગાયેલું. તે પદમાં શ્રી કૃષ્ણના રસિક પ્રસંગો વણી લેવામાં આવ્યા હતા. પૂજ્યશ્રીએ તરત જ સરસ, સરળ અને સચોટ અનુકૃતિ ગાય બતાવી હતી. ગાતી વખતે તેમણે કરેલો અભિનય આકર્ષક હતો. તેઓ એક શ્રેષ્ઠ અભિનેતા હોય તેવું લાગતું હતું! મહાત્માજી ખૂબ રંગમાં જણાતા હતા! અમે સહુ મુગ્ધભાવે મજા માણી રહ્યાં હતાં! જાણે અમે સહુ વૃન્દાવનમાં રાસક્રીડામાં સામેલ હોઇએ તેવું લાગતું હતું!

ત્યાર પછી મોડી રાત્રે સરકારી ડાક બંગલામાં ઉતારો મળી જતાં તેમણે પોતાનો મુકામ બદલ્યો હતો. સાથે મા,



મોહનલાલ તથા જિતુભાઇ ગયેલાં એવું યાદ છે. રાત્રે અંધારું હતું. જવાનું જરા દૂર હતું. બેટરી હોવાથી રાહત હતી. શ્રી મોહનલાલે આવીને ઠંડીના ચમકારાની અને અપાર ધ્રુજારીની વાત કરેલી તે ભૂલી શકાય એવી નથી.

સૂર્યનો તડકો નીકળ્યા પછી અમે તો સવારે બહાર નીકળ્યા હતા. ડાક બંગલો સારી રીતે દેખાતો હતો. આ પાર અમારો ઉતારો હતો. વચ્ચે ગંગાજીનો વેગવાન પ્રવાહ. ડાક બંગલાની બહાર સૂર્યના તડકામાં બેસીને મહાત્માજી તથા મા નિત્યકર્મમાં મશગૂલ જણાતાં હતાં! પૈસા આપીને ગરમ પાણી કરાવીને જ મેં તો સ્નાન કરેલું! ગંગાજીમાં સ્નાન કરવાની હિમ્મત થયેલી નહિ. માથે સૂર્ય પહોંચશે પછી જોઇશું એવો વાયદો મેં કરેલો! નાહીધોઇને અમે મહાત્માજી પાસે પહોંચી ગયેલા અને પંદર મિનિટ ધ્યાન કરેલું! ત્યાર પછી આસપાસ ફરવા નીકળ્યા હતા. પ્રથમ તો ગંગાજીના સામે કિનારેના મકાનોનો બહારથી પરિચય કરેલો. માથે સૂર્ય આવ્યો ત્યારે સ્નાનને ઇરાદે બધાં ગયેલાં! કુંદનબહેન અને સુશીલાબહેનને મા કાંઇક કહી રહ્યાં હતાં, ત્યારે અમે મહાત્માજી સાથે પ્રવાહની પાસે પહોંચી ગયા હતા. સ્પર્શ કરતાં જણાયેલું કે એકલું બરફનું જ પાણી છે! એટલે મેં તો માત્ર હાથપગ ધોઇને સંતોષ માન્યો હતો. તે વખતે મહાત્માજીએ મને ટકોર કરેલી કે તનને નહીં પણ મનને સ્નાન કરાવો! મનના સ્નાનનો મહિમા છે! મેં જવાબ વાળેલો કે આપના સાન્નિધ્યની ગંગામાં મારું મન સદા સ્નાન કરી જ રહ્યું છે! મહાત્માજીએ સસ્મિત આખીયે વાતને સરસ રીતે પલટાવી દીધી હતી. ત્યાર પછી આસપાસના સ્થળનો થોડો ખ્યાલ આપ્યો હતો.

ફરતા ફરતા તપોવન તરફ જતા હતા. સ્વામીશ્રી તપોવનજીનું સ્થળ જોવાની ખાસ ઇચ્છા હતી. સ્વામી ચિન્મયાનંદજીના ગુરુ તરીકે તેઓ પ્રસિદ્ધ હતા. ચાલતા ચાલતા સિદ્ધ સંતપુરુષોની ચર્ચા વિચારણા થઈ રહી હતી. સિદ્ધ પુરુષોના રહેઠાણની વાત નીકળી ત્યારે મહાત્માજીએ એક ગૂઢ વાતનો ઉલ્લેખ કર્યો હતો : "અત્યારે આપણી સાથે દસ સિદ્ધ મહાપુરુષો ચાલી રહ્યા છે !" મેં પૂછ્યું : "તેઓ વાતો કરે છે ?" પૂજ્ય શ્રી બોલ્યા : "હા, તેઓ અવારનવાર મારી સાથે વાતો કરી લે છે !" તેમણે એમ પણ કહ્યું કે "તેઓ તો આપણી સાથે ઉત્તરકાશીથીજ સાથે છે !" "તેમને આપણી સાથે ફરવાનો ખૂબ આનંદ આવે છે !" વાતવાતમાં ગૂઢ ગંભીર રહસ્ય પ્રગટ થયેલું જોઇ અમે આશ્ચર્ય ને આનંદ બંને અનુભવ્યા હતા.

સામાન્ય માણસને ગળે ઉતરે નહીં એવી આ ગૂઢ વાત છે. બુદ્ધિવાદીઓ તો પુરાવો માંગે ! ગૂઢ વાતનો પુરાવો કેવી રીતે આપી શકાય ? અંતરદર્શી મહાપુરુષની વાત માત્ર અનુભવની જ હોય છે. જેણે થોડો પણ અનુભવ કર્યો હોય તેને શંકા થતી નથી. તે તો મનોમન માની લે છે. અનુભવ વિના દુન્યવી માણસોને વાત ગપ્પા જેવી પણ લાગે ! તેથી જ નરસિંહ મહેતાએ ભારપૂર્વક પોતાની વાત સાચી હોવાનો દાવો કરતા કહેલું :

બેસીને ગાય ત્યાં ઊભો રે સાંભળું<br>
ઊભા ગાય ત્યાં નાચું રે<br>
વૈષ્ણવ જનથી હું પળ નથી અળગો,<br>
ભણે નરસૈંયો સાચું રે !



પ્રભુએ પોતે પ્રગટ સ્વરૂપે નરસૈંયાને આ વાત જણાવેલી અને નરસિંહ મહેતાએ તે કાનોકાન સાંભળેલી અને પ્રભુના દર્શન કરેલાં તે વાત આ પદમાં જણાવી છે. પોતે જોયેલું દશ્ય અને પોતે સાંભળેલું વચન સત્ય છે તે ભારપૂર્વક નરસિંહ મહેતા કહેવા માંગે છે. આ આખીયે હકીકત અદ્ભુત છે. ભગવાન પોતે ભક્તની સાથે વાતો કરે છે. પોતે ભક્તવત્સલ છે તેની પ્રતીતિ પણ કરાવે છે. ભગવાન કહેવા માંગે છે કે મારો ભક્ત બેસીને ગાતો હોય તો હું ઊભો ઊભો સાંભળું છું અને ઊભો ઊભો ગાતો હોય ત્યારે હું નાચીને અદબ જાળવું છું. મારા ભક્તથી હું ક્ષણપણ જુદો રહી શકતો નથી ! આ આખુંય દશ્ય નરસિંહ મહેતાના આંતરિક લોચનોએ સાક્ષાત્ જોયેલું તેથી "ભણે નરસૈંયો સાચું રે" એ પંક્તિનો મહિમા વધી જાય છે. અંતરદર્શી ભક્તોની એવી ઊંચી દશા હોય છે. તેઓ સ્થળકાળની મર્યાદાને ભેદીને અનુભવ કરી શકે છે અને તેનું વર્ણન પણ કરી શકે છે. તેથી મહાત્માજીના વચનોમાં ભારોભાર સત્ય નીતરતું હોય છે. મને તો મહાત્માજીએ કરેલી સિદ્ધપુરુષોની વાત સાચી જ લાગી !

મારું મન પાછા વળતી વખતે આ વાત પર વિશેષ વિચારણા કરી રહ્યું હતું. ભાડૂતી ગાડીના વેગ સાથે મન તાલ મેળવતું ન હતું ! તાજા બનેલા પ્રસંગને વાગોળતું હતું. તપોવનજીની કુટિયા પાસે જઇને અમે ઊભાં રહ્યાં ત્યારે મહાત્માજીએ તપોવનજીની થોડી વાત કરી. અમારી સાથે એક પંડા પણ હતા. તેઓ મહાત્માજીના ભક્ત હતા. તેઓ ઉત્તરકાશીથી પોતાના ખર્ચે બસમાં મહાત્માજી સાથે સાંનિધ્યમાણવા આવેલા. મહાત્માજીના વચનો પૂરાં થયાં ન થયાં ત્યાં તો એક બાજુની કુટિયામાંથી દાઢીવાળા એક બીજા જ સન્યાસી નીકળ્યા ! તેનો પરિચય પંડાજી આપવા લાગ્યા—" ઊંચી

કોટિના આ પણ મહાત્મા છે. તપોવનજીના શિષ્ય છે. ઘણી ઊંચ દશામાં છે”......મહાત્માજીએ વાતને તોડી પાડતાં કહ્યું કે “ ખોટી વાત છે. આ બનાવટી સન્યાસી છે. લોકોને છેતરે છે. એ તો એક ફોટોગ્રાફર છે. અહીંના ફોટાઓ પાડીને શહેરમાં મોકલે છે ને પૈસા કમાય છે. ” પંડાજી તો સ્તબ્ધ જ થઇ ગયા ! તેમણે તો તરત જ પગે લાગતાં મહાત્માજીની ક્ષમા યાચના કરવા માંડી ! થોડી વાર પછી પંડાજીએ મને કહ્યું : “ આ મહાપુરુષને કોઇ છેતરી શકે નહીં. તેઓ સર્વજ્ઞ છે. મહાત્માજીની વાત સાચી છે. આ સન્યાસી બનાવટી જ છે ! ” આ રીતે મારું મન વિચાર કરતું કરતું લીન બની ગયેલું. અમે ઘણા નીચે ઉતરી પડ્યા હતા તેનું ભાન પણ રહ્યું ન હતું.

ત્યાર પછી તો અમે ઊત્તરકાશી તરફ જવા લાગ્યા હતા. વિશાખ પાણી માટે ગાડી ઉભી રહેતી ત્યારે મહાત્માજીએ એક ખાસ સૂચના તે દિવસે આપેલી: “ બધાં પોતપોતાના સાધનોમાં પીવાનું પાણી ભરેલું રાખજો ! ” આ સૂચન ઉત્તરકાશી આવ્યું ત્યાં સુધીમાં ત્રણ વાર આપેલી. તે દિવસે અમે ઉત્તરકાશીમાં રાતવાસો કરવા માંગતા ન હતા. ત્યાંથી પણ વીસેક માઇલ દૂર આગળ જઇ ડાકબંગલો આવશે ત્યાં ઉતારો થશે એવી ઇચ્છા હતી. ઉત્તરકાશી આવ્યા ત્યારે હજી સૂર્યાસ્તને અડધો કલાક વાર હતી. અમે આગળ ચાલ્યા ને અંધારૂં થયું ત્યારે જંગલાતાના એક બંગલખામાં ઉતારો કર્યો હતો. બંગલો જંગલખાતાનો હતો. ડુંગર પર હતો. રાત્રે આઠ વાગી જવાની તૈયારીમાં હતા. બંગલો સારો હતો પણ પાણીની વ્યવસ્થા ન હતી. ત્યારે જ મહાત્માજીની સૂચનાનો અમોને અર્થ સમજાયેલો ! પાણીની તંગી એવી અનુભવી કે પૈસા ખરચીને પાણી મંગાવવું પડેલું ! પૂજ્યશ્રીની એક વ્યવહારૂ



સૂચના પણ અમે સાથે ફરનારાઓએ માની ન હતી ! સાથે ફરનારા સંતને ન ઓળખી શકયા તો અજાણ્યા માણસો તો કેવી રીતે ઓળખી શકે ? અમને બધાંને તે દિવસે ખૂબ પસ્તાવો થયેલો. થોડી પેટ પૂજા કરીને આ જ વિચારમાં ને વિચારમાં અમે ઊંઘી ગયેલા !

આજે મહાત્માજી સદેહે રહ્યા નથી. છતાં તેમની દિવ્યવાણીની યાદ હૃદયમાંથી જતી નથી. યાદ તાજી જ થયા કરે છે. યાદની આ પુનિત ગંગોત્રી મને અમેરિકામાં પણ પ્રેરણા આપી રહી છે !

હંમેશા આત્મવિચારમાં મગ્ન રહો. આથી તમને ચિરશાંતિ મળશે.

IS:10001

ઓ. ૨૫૯૧૭
ફે. ૩૩૬૬૦
ઘ. ૨૮૨૧૪

ખેતીની સિચાઈ માટે વિશ્વાસનીય એન્જીન
“સત્યવાન” તથા “ચંદન”
૬, ૮ તથા ૧૦ હો. પા.

-: બનાવનાર :-

કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ

ઢેબર રોડ, રાજકોટ-૨




રજત જયંતી વર્ષમાં ગુજરાતે મહત્વનું કદમ ઉઠાવ્યું છે. ગુજરાતમાં તમામ વિદ્યા શાખાઓમાં દરેક સ્તરે કન્યાઓને નિ:શુલ્ક કેળવણી અપાશે.

રાજ્યમાં હાલ ૧૧ ધોરણ સુધી કન્યા માટે નિ:શુલ્ક શિક્ષણની સવલત આપવામાં આવે છે. ગરીબ અને મધ્યમ વર્ગના કુટુંબોનો ઉચ્ચ કન્યા શિક્ષણનો આર્થિક પ્રશ્ન હળવો બનાવવા આવતા શૈક્ષણિક વર્ષથી કન્યાઓને તમામ સ્તરે નિ:શુલ્ક શિક્ષણ અપાશે.

ગુજરાતમાં પુરુષ શિક્ષણની ૫૪-૪૪ ની ટકાવારી સામે સ્ત્રી શિક્ષણનો દર ૩૨-૩૦ ટકા છે. તમામ સ્તરે શિક્ષણ મફત થતાં, આ નીચો દર ઊંચો લાવી શકાશે.

ગુજરાતમાં ઉચ્ચ શિક્ષણ મેળવતી એક લાખ જેટલી કન્યાઓને આ યોજનાનો લાભ મળશે. કન્યા કેળવણીની દિશામાં આ ઐતિહાસિક કદમ ભરનાર ગુજરાત દેશભરમાં પ્રથમ રાજ્ય છે.

રજત જયંતી વર્ષે ઝળહળતો નિર્ણય



# સૌથી સહેલો સાક્ષાત્કાર

—યોગભિક્ષુ

જીવન માટે આત્મસાક્ષાત્કાર જો અત્યંત આવશ્યક હોય તો તે અતિ સરળ અને સાવ સસ્તો હોય. જો તે અતિ સરળ અને સસ્તો ન હોય તો જીવન માટે તેની અત્યંત આવશ્યકતા ન હોઈ શકે. આ એક મનોવૈજ્ઞાનિક તથ્ય છે. વિશ્વમાં બધે આ જ નિયમ પ્રવર્તતો અનુભવાય છે. જીવન માટે જે અતિ આવશ્યક છે તે સાવ સસ્તુ અને સાવ સહજતાથી પ્રાપ્ત થઈ શકે અને જે જેટલું ઓછું જરૂરનું છે તે તેટલું કઠીનતાથી અને વધુ કિંમતે પ્રાપ્ત થઈ શકે તેવી વ્યવસ્થા કુદરતમાં જોવા મળે છે. જેમકે :

વસ્ત્રો, અન્ન, પાણી અને હવા તે અનુક્રમે એકબીજાથી વધુ અગત્યનાં છે તેથી અનુક્રમે એક બીજાથી વધુ સસ્તાં ને વધુ સરળતાથી પ્રાપ્ત થઇ શકે તેવાં છે. હવા વિના જીવન થોડી ક્ષણો પણ ટકી ન શકે તેમ છે તેથી હવા સાવ મફત, ખૂબ સરળતાથી અને સર્વ ઠેકાણેથી પ્રાપ્ત થઇ શકે તેવી વ્યવસ્થા છે.

જેમ જેમ તત્ત્વની સૂક્ષ્મતા તેમ તેમ તેની આવશ્યકતા અને વ્યાપકતા વધુ. જેમ જેમ આવશ્યકતા અને વ્યાપકતા વધુ તેમ તેમ તેની પ્રાપ્તિની સરળતા વધુ. અને જેમ જેમ પ્રાપ્તિની સરળતા વધુ તેમ તેમ તેની અમૂલ્યતા વધુ. અમૂલ્યતા એટલે જેનું મૂલ્ય આંકી જ ન શકાય તેટલુ મૂલ્યવાન; તેથી તે સાવ મફત મળે !

આત્મસાક્ષાત્કાર અતિ આવશ્યક છે. પરંતુ આત્મ-

સાક્ષાત્કાર કોણે કરવાનો છે ? શાનાથી કરવાનો છે ? ચૈતન્ય આત્મતત્ત્વ દ્વારા તો બધા જ જડ પદાર્થોનો સાક્ષાત્કાર થાય છે જ. ચૈતન્યે ચૈતન્યનો સાક્ષાત્કાર શા માટે કરવો ? કેવી રીતે કરવો ? ચૈતન્ય તો ચૈતન્યમાં સુસ્થિર છે જ. એ સાક્ષાત્કાર જ છે.

સાક્ષાત્કાર નિત્ય અખંડપણે પ્રાપ્ત છે;
કાંખમાં છોકરું ને બીજે ગોતવા જેવી આ વાત છે !

સાક્ષાત્કાર નિત્ય–અખંડ સહજ–સરળ પ્રાપ્ત છે તેથી જ તે 'પ્રાપ્ત નથી' તેવો આભાસ થાય છે. યથાયોગ્ય સમજણ દ્વારા જ તેની પ્રતીતિ સંભવ છે. તેના માટે કોઈ સ્થૂળ સાધન કામ નહીં આવે.

સ્વપ્નમાં, ધ્યાનમાં કે કોઈ ઈતર અવસ્થામાં દેવ–દેવીનાં કે સંતમહાત્માઓનાં કોઈ અદ્‌ભૂત દશ્યો દેખાય કે ચિત્ર-વિચિત્ર પ્રકાશ (જ્યોતિ) ભળાય કે અનેકવિધ ધ્વનિઓ (નાદ) સંભળાય કે થોડી અલૌકિકતા પ્રાપ્ત થાય તેથી શું ? તેનાથી જીવનમાં શું ફર્ક પડે છે ? કઇ વિશેષતા આવે છે ? જેમ ચલચિત્ર જોતા હોઇએ ત્યારે થોડો આનંદ પ્રાપ્ત થાય છે અને પછી હતા તેવાને તેવા ! તેમ આમાં પણ આવું જ બને છે ! આ સાચો સાક્ષાત્કાર નથી.

સાક્ષાત્કારની અસર સમગ્ર જીવનને આવરી લે છે–સંપૂર્ણ જીવન પર પથરાઇ જાય છે. સાક્ષાત્કારીના જીવનમાં પરિપૂર્ણ સમાધાન પ્રવર્તે છે, તે નિત્ય તૃપ્ત બની જાય છે.

જેની પ્રાપ્તિ અતિઘણી કઠન હોય છે તેને પ્રાપ્ત કરવા માટે – તેને સમજવા માટે અન્યની સહાયતાની જરૂર પડે છે. તેમ જે અતિઘણું સરળ હોય છે તે પણ જાતે નથી પ્રાપ્ત



કરી શકાતું–જાતે નથી સમજી શકાતું. તેના વિષેની સમજણ પણ તેના વિશેષજ્ઞો પાસેથી જ પ્રાપ્ત થઇ શકે છે. સાક્ષાત્કાર-ની સમજણ આપનારને સદ્‌ગુરુ કહે છે.

એ ભૂલાવુ ન જોઇએ કે સાક્ષાત્કાર બેહદ સરળ છે અને તેથી તેનો અભાવ લાગે છે. 'તરણા ઓથે ડુંગર, ડુંગર કોઈ દેખે નહીં' અને 'કસ્તુરી કુંડલ બસે, મૃગ ઢુંઢે વનમાંહી' એવી સ્થિતિ છે !

## ✻ ક્ષમા ✻

અધ્યાત્મના જાન્યુ. '૮૫ના અંકની ૩૫૦૦ નકલો છપાયેલી. પરંતુ ગ્રાહકોમાં ઝડપથી વધારો થયો, તેથી નવા ૫૦ જેટલા ગ્રાહકોને અમે અંકોની નકલો મોકલી ન શકયા. તે બદલ દિલગીર છીએ, ક્ષમા કરવા વિનંતી.

# વ્યાયામ–તનનો અને મનનો

—દારા જ. ભેસાણીઆ
(કાયાવરોહણ)

પરમાત્માએ–દરેક વ્યક્તિને જીવનયાત્રા માટે બે શ્રેષ્ઠ સાધનો આપ્યાં છે–તન અને મન. તન-મનની ઉત્પત્તિ પંચ-મહાભૂતોમાંથી થઇ છે. પૃથ્વી અને જળ તત્ત્વોદ્વારા તનની અને અગ્નિ, વાયુ તથા આકાશ તત્ત્વો દ્વારા મનની ઉત્પત્તિ થઇ છે. આ તન–મન જેટલા પ્રમાણમાં વધુ કાર્યક્ષમ, તેટલા પ્રમાણમાં જીવનયાત્રા વધુ સરળ અને આનંદિત. તન-મનને વધુ કાર્યક્ષમ બનાવવા માટે જીવનમાં વ્યાયામનું અનોખું સ્થાન છે.

વ્યાયામ શબ્દ સમજવા જેવો છે. વિ+આયામ=વ્યાયામ. અહીં વિ ઉપસર્ગ છે, જેનો અર્થ વિશેષ થાય છે. આયામ એટલે નિગ્રહ અથવા નિયમન. આમ વ્યાયામ એટલે વિશેષ નિયમન. સામાન્યતઃ વ્યાયામ શબ્દ શરીરના સંદર્ભમાં વપરાય છે, પરંતુ શરીર અને મનનું વિશેષ નિયમન તેજ સાચો વ્યાયામ છે. માત્ર શરીરનો જ વિકાસ કર્યા કરવામાં આવે કે માત્ર માનસિક વિકાસ પર જ ઝોક આપવામાં આપે તો તે એકતરફી વિકાસ ગણાય. પૂર્ણ વિકાસ માટે શરીર તથા મનના વિકાસનો સમન્વય કરવો જરૂરી છે.

શરીર અને મન એકબીજા સાથે ગાઢ રીતે સંકળાયેલા છે. અતઃ એકની અસર બીજા પર થાય છે. શરીર નિરોગી હોય ત્યારે મન પ્રસન્ન બને છે અને મનમાં ઉદ્વેગ હોય ત્યારે શરીર નિષ્ક્રિય બને છે. એ દૃષ્ટિએ શારીરિક વ્યાયામ



પણ મન પર પ્રભાવ તો પાડે જ છે, પરંતુ એ સિવાય માનસિક વિકાસ માટે મનનો પૃથક્ વ્યાયામ પણ જરૂરી બની રહે છે.

શારીરિક વ્યાયામના અનેક સાધનો છે. આપણે ત્યાં શાળા–કોલેજોમાં પી. ટી. દરમ્યાન માત્ર શારીરિક વ્યાયામ જ કરાવવામાં આવે છે, જે અપૂર્ણ છે. યુવાનોના શરીર અને મન બંને કેળવાય તેવું શિક્ષણ હોવું જોઇએ.

શારીરિક વ્યાયામના સાધનો પ્રચલિત છે. માટે આપણે અહીં માત્ર માનસિક વ્યાયામના કેટલાક સાધનો પર દૃષ્ટિપાત કરીએ. માનસિક વિકાસ માટે મુખ્ય સાધન છે વિદ્યાધ્યયન. વિદ્યા એટલે પાઠ્યપુસ્તકોનું ભણતર નહીં, પણ જે વિદ્યા દ્વારા વ્યક્તિ પોતાની જાતને ઓળખી સમજી શકે તે સાચી વિદ્યા. સ્વરૂપને પિછાણવાની કળા તે વિદ્યા. सा विद्या या विमुक्तये । વિદ્યા એ છે જે મુક્તિ અપાવે. સાચી વિદ્યાની પ્રાપ્તિ માટે શાસ્ત્રો તથા સંતો તરફ દૃષ્ટિ દોડાવવી પડે. રામાયણ, મહાભારત, પુરાણો, ઉપનિષદો આદિના અધ્યયન દ્વારા વ્યક્તિમાં સાત્ત્વિકતાનો પ્રાદુર્ભાવ થાય છે. આ સાત્ત્વિકતા માનસિક વ્યાયામનું પ્રથમ ફળ છે. મહાપુરુષોના જીવન-ચરિત્રોના અભ્યાસથી મનમાં મહત્વકાંક્ષા ઉત્પન્ન થાય છે. સંતો એ પ્રત્યક્ષ શાસ્ત્ર છે. સંતોના નિર્મળ જીવનમાંથી આપણને ઘણી પ્રેરણા મળે છે. માટે સંતોના ચરણોનું સેવન કરવું જોઇએ. સામાન્યતઃ મન વશમાં રહેતું નથી. પરંતુ તેના પર સંતસાન્નિધ્ય રૂપી લગામ લગાડવામાં આવે તો તે આપમેળે શાંત બની જાય છે. આમ સંતસમાગમ મનને શાંત અને ઉર્ધ્વગામી બનાવવામાં મદદરૂપ છે.

માનસિક વ્યાયામનું બીજું સુંદર સાધન છે યોગાભ્યાસ. મહર્ષિ પતંજલિએ યોગના આઠ અંગો દર્શાવ્યાં છે યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ. આ આઠેય અંગો માનસિક વિકાસ માટે અનુપમ સાધનો છે. યમ અને નિયમના પાલનથી કલેશોની નિવૃત્તિ અને સત્ત્વગુણની પ્રાપ્તિ થાય છે. યમ–નિયમોમાં યોગના નિગૂઢ રહસ્યો અને મનોવિજ્ઞાનના ઉકેલો રહેલા છે. આસન શારીરિક વ્યાયામનું શ્રેષ્ઠ સાધન છે, તથાપિ તે મન ઉપર સુંદર પ્રભાવ પાડે છે. તેના દ્વારા રજોગુણ અને તમોગુણની નિવૃત્તિ થાય છે. શરીર નિરોગી રહેવાથી મન પણ નિરોગી રહે છે. માનસિક વ્યાયામનું શ્રેષ્ઠ સાધન પ્રાણાયામ છે. પ્રાણાયામને શાસ્ત્રોએ પરમ તપ કહ્યું છે. પ્રાણાયામના ફાયદા અગણિત છે. પ્રાણ અને મનને ગહેરો સંબંધ છે. એકના નિયંત્રણથી બીજાનું નિયંત્રણ સહેલાઇથી થઈ શકે છે. આમ પ્રાણાયામ માનસિક વિકાસ માટે શ્રેષ્ઠ પૂરવાર થયા છે. સામાન્ય વ્યક્તિ પણ પ્રાણાયામનો અભ્યાસ માર્ગદર્શક પાસેથી શીખી સહેલાઈથી કરી શકે છે. આ પ્રથમ ચાર અંગો જે બહીર્અંગ ગણાય છે તે સહજસાધ્ય છે. બાકીના યોગના અંગો જે અંતરંગયોગ કહેવાય છે તેના માટે વિશિષ્ટ અભ્યાસ જરૂરી છે. અલબત્ત, અંતરંગયોગ માટે બહીરંગ યોગનો અભ્યાસ જરૂરી છે. આમ યોગના આઠેય અંગો માનસિક વ્યાયામનાં શ્રેષ્ઠ સાધનો છે.

આ ઉપરાંત માનસિક વ્યાયામનું ઉત્તમ સાધન છે જપ. આપણા શાસ્ત્રોમાં જપનો મહિમા અપાર દર્શાવ્યો છે. જપથી મનની ચંચલતા દૂર થઈ સાત્વિકતાનો ઉદય થાય છે. જપ દ્વારા મન સીધું ઈશ્વરના સંપર્કમાં આવે છે. ફલતઃ



તે શુદ્ધ અને બળવાન બને છે. આમ જપ માનસિક વિકાસમાં સહાયભૂત બની શકે છે.

તન અને મનના વ્યાયામ માટે દરેક વ્યક્તિએ ૨૪ કલાકમાંથી ઓછામાં ઓછા બે કલાક ફાળવવા જ જોઇએ. કારણકે આપણી સમસ્ત પ્રક્રિયાઓ પાછળનો હેતુ તન અને મનની સુખાકારી છે. તો સાચી સુખાકારી પ્રાપ્ત કરવા માટે ઉપરોક્ત સાધનોનો નિયમિત અભ્યાસ કરવો જોઇએ.

જેણે તન–મનને જીત્યા તેણે જગત અને જગજીવનને જીત્યા.

*** કેસેટો મળી શકશે ***

પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીના ગીતા, રામાયણ, ભાગવત પાતંજલ યોગદર્શન તેમજ અન્ય ધાર્મિક વિષયો ઉપરના પ્રવચનોની કેસેટો મળી શકશે.

તે ઉપરાંત પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીનાં ભજનોની કેસેટો પણ ઉપલબ્ધ છે,

આ માટે શ્રી જીતુભાઇ ગાંધી, ૫૫/૧, અરૂણોદય સોસાયટી અલકાપુરી, વડોદરા–૫ નો સંપર્ક સાધો.

# મન

મંગળભાઇ પંચાલ

(ગતાંકથી ચાલુ)

આ મન વિષે હજી સહેજ વધુ ઉંડા ઉતરીએ. તૈત્તિરીય ઉપનિષદ્‌માં સહેજ ડોકીયું કરીશું. ત્યાં મન વિષે સહેજ વધુ સમજણ આપી છે.

**મન અને મનોમય કોષ :**

સાંખ્યદર્શન બાદ હવે આપણે તૈત્તિરીય ઉપનિષદ્‌માં સહેજ ડોકીયું કરીએ, કારણ કે તેમાં મન વિષે સહેજ વિશેષ વિવરણ કર્યું છે. મનની સૂક્ષ્મતા વિષે ત્યાં સ્પષ્ટ સમજણ આપી છે અને તેનો મહિમા ગાયો છે. તેમાં ઋષિ કહે છે.

" તસ્માદ્વા એતસ્માત્પ્રાણમયાદન્યોઽન્તર
આત્મા મનોમયઃ । તેનૈષ પૂર્ણઃ । સ વા એષ
પુરુષવિધ એવ । તસ્ય પુરુષવિધતામન્વયં પુરુષવિધઃ ।
... ... ... ... ... ... (તૈ. અ૦ ૩ જો)

અથાત્ " તે આ પ્રાણમય પુરુષથી ભિન્ન તેના કરતાં પણ સૂક્ષ્મ હોવાને લીધે તેની ભીતર રહેનારો બીજો મનોમય આત્મા (પુરુષ) છે. તે મનોમયથી આ પ્રાણમય શરીર પૂર્ણ વ્યાપ્ત છે. તે આ મનોમય આત્મા નિશ્ચય જ પુરુષના આકરનો જ છે. તેની પુરુષ તુલ્ય આકૃતિમાં વ્યાપ્ત હોવાથી જ આ મનોમય આત્મા પુરુષના આકારનો છે ... ... ... "

આ સાથે દર્શાવેલા ચિત્ર ઉપરથી એ સ્પષ્ટ થશે કે આ શરીર જેમ પંચમહાભૂતોનું બનેલું છે તેજ પ્રમાણે તેમાં




પંચકોશો પણ રહેલા છે. (૧) અન્નમય (૨) પ્રાણમય (૩) મનોમન (૪) વિજ્ઞાનમય અને છેલ્લે (૫) આનંદમય. દરેકે દરેક કોષની પોતાની વિશિષ્ટતા છે. અન્નમય કોષની પોતાની આગવી પ્રતિષ્ઠા છે (જીજ્ઞાસુઓએ તૈત્તિરીય ઉપનિષદ્‌માં ભૃગુવલ્લીમાં સાતમો, આઠમો, નવમો તથા દશમો અનુવાક જોઇ જવા વિનંતી) અન્નવિના આ શરીર ટકી શકતું નથી એ પ્રસિદ્ધ જ છે. અન્ન અને પાણી માનવીની પ્રથમ જરૂરિયાત છે, પરંતુ પ્રાણ વિના તે પાંગળાં છે. ઋષિ જણાવે છે. " પ્રાણો હિ ભૂતાનામ્ આયુઃ " આ ચરાચર સૃષ્ટિમાં ઉત્પન્ન થયેલાં તમામ માનવો તેમજ પશુપંખી વગેરે સર્વનું જીવન પ્રાણ વડે જ છે. પરંતુ પ્રાણથી પણ વિશેષ સૂક્ષ્મ તત્ત્વ તે મન છે. આ મન જ અન્નમય તેમજ પ્રાણમય કોષોમાં સંપૂર્ણપણે વ્યાપ્ત છે. એટલે કે જેમ એક લીલાછમ ઝાડમાં જળતત્ત્વ તેની નસેનસમાં રસાઇ ગયેલું હોય છે તે જ રીતે આ મન પણ આ બન્ને કોષોમાં રસાઇ રહેલું છે.

ભગવદ્‌ગીતા જેમ " મધ્યે મહાભારતમ્ " છે, તેજ રીતે આ મનોમય કોષ પણ પંચકોષોની બરાબર વચ્ચે આવેલો છે. મોટે ભાગે આપણે સૌ પ્રથમના બે એટલે કે અન્નમય તેમજ પ્રાણમય નામના બાહ્ય કોષોમાં જ પ્રવૃત્તિ કરતા હોઇએ છીએ. આપણી વૃત્તિઓ બાહ્ય વિષયોમાં જ રમતી હોય છે, પરંતુ અંદરના કોષો વિષે લગભગ અજ્ઞાત હોઇએ છીએ. જો આ બે કોષોનો ધીમે ધીમે પરંતુ મક્કમ નિશ્ચય વડે સ્પર્શ કરવાની કળા જો આવડે તો પછી પૂછવું જ શું ?... " આનંદમ્ બ્રહ્મણો વિદ્વાન્ ! ન બિભેતિ કદાચનેતિ ।। અર્થાત્ તે બ્રહ્મના આનંદને જાણનાર પુરુષને (પછીથી) કોઇથી પણ ડરવાનું કારણ રહેતું નથી.

મન જેવું વિજ્ઞાનમય કોષનો માત્ર સ્પર્શ જ કરે કે

તરત જ તેના પરિણામ રૂપે પ્રાણની ગતિ અત્યંત મંદ પડી જાય છે અને જે સત્સંકલ્પ વિષે વિચારો ચાલતા હોય છે તેનું તેને સરહસ્ય જ્ઞાન થઇ જાય છે. જ્ઞાન થવા લાગતાં જ આનંદના ઓઘ ઉમટી પડે છે અને સમયના પરિપાકે તે પુરુષ મહામૂર્ખમાંથી મહાજ્ઞાની, મહાત્મા, મહાયોગી બની જાય છે. તેનું જીવ્યું સાર્થક થઇ જાય છે. એટલું જ નહિ પરંતુ આપણાં જેવાં હજારો ભાઇબહેનોના જીવનમાં તેઓએ મેળવેલા અધિકાર પ્રમાણે યથાયોગ્ય ફેરફાર કરાવી સર્વોચ્ચ આનંદના ભાગીદાર બનાવી શકે છે.


આ બન્ને, અન્નમય તેમજ પ્રાણમય કોષોમાંથી આપણી વૃત્તિઓને પાછી વાળી ધીમે ધીમે અંદરના કોષોનો સ્પર્શ કરી શકાય, આપણા મનનું નિયંત્રણ થઇ શકે અને સહજ એકાગ્રતા આવવા લાગે તે માટે પાછળ થોડીક ક્રિયાઓ દર્શાવી છે. કેટલીક ક્રિયાઓનો મને સ્વાનુભવ છે અને તેના ફાયદા જોયા જાણ્યા પછી જ આ લેખો લખાયા છે. જે






આનંદાનુભવ મને થઇ શક્યો તેવો જ આનંદાનુભવ આપ સર્વ કરી શકો છો તે નિશ્ચિત છે. પ્રભુની કૃપા અપરંપાર છે. એક સેકંડના લાખમા ભાગ જેટલા સમય માટે પણ તે આપણી ઉપર કૃપા કરવાનું ચૂકતો નથી, પરંતુ આપણે તેની આ નિર્મળ કૃપાને સમજી કે અનુભવી શકતા નથી. આ ક્રિયાઓ દ્વારા આપણને તેવો અનુભવ થાય એજ અભ્યર્થના !

## પચીસ તત્ત્વો વિષે સમજૂતિ



# પ્રશ્નોત્તરી

યોગેશ્વરજી

પ્રશ્નઃ-કામ, ક્રોધને જીતવા માટે શું કરવું ?

ઉત્તરઃ-વિચાર કરવો કે કામ ક્રોધ શું કામ થાય છે ? ને કોના ઉપર થાય છે. એક ઈશ્વર સિવાય આ સંસારમાં કંઈજ નથી. એમ જ્ઞાનીઓ કહે છે. આ પ્રમાણે વિચાર કરવાથી સમજાશે કે કામ ક્રોધ કોના ઉપર કરવાનાં છે. જ્યાં ભેદદૃષ્ટિ છે, ત્યાં દ્વૈત છે ને ત્યાં કામ ક્રોધને અવકાશ છે. પરંતુ જ્યારે ભેદભાવ ટળે છે, ત્યારે કામ ક્રોધનું મૂળ કારણ અજ્ઞાન પણ દૂર થાય છે. પછી તેમને માટે અવકાશ રહેતો નથી.

સામાન્ય લોકો માટે સહેલામાં સહેલો ઉપાય પ્રભુના ચરણોમાં પ્રીતિ થવાથી હૃદય પ્રેમમય ને પવિત્ર થતું જશે. એવું થતાં કામક્રોધ આપોઆપ પલાયન થઈ જશે. એકાંતમાં બેસીને માણસે પોતાની નિર્બળતાઓ માટે વ્યાકુળ હૃદયે પ્રભુ સમક્ષ રડવું જોઈએ. ઈશ્વરને પ્રાર્થના કરવી જોઇએ કે તમારી નિર્બળતાઓ દૂર કરવામાં સહાયરૂપ થાય ને જરૂરી મનોબળ પૂરૂં પાડે. આ પ્રમાણે સાચા હૃદયથી થાય તો ઈશ્વિર તેની નિર્બળતાઓનો નાશ કરી તેને કામક્રોધ જેવા દુર્ગુણોથી મુક્ત કરે છે. પ્રભુના ચરણોમાં પ્રીતિ જાગે એટલે વિષયોની આસક્તિ આપોઆપ હઠી જાય છે, એ ચોક્કસ સમજજો. માટે સૌથી શ્રેષ્ઠ એવો પ્રભુનો પ્રેમ જગાવવાનો પ્રયાસ કરો. જીવનની બધીજ સમસ્યાઓના ઉકેલ માટે પ્રભુ-પ્રેમ એ રામબાણ ઉપાય છે, એમાં કોઈ સંદેહ નથી.



પ્રશ્નઃ-ભોગ ભોગવતાં ભોગવતાં વાસનાનો ત્યાગ ના થઇ શકે ?

ઉત્તરઃ-થઇ શકે, પણ એ કામ મહાન બળવાળા પુરુષોનું છે. સાધારણ રીતે તો માણસ ભોગમાં એવો આસક્ત થઈ જાય છે કે વિવેક ખોઇ બેસે છે. શક્તિ બરબાદ કરી નાંખે છે ને ભોગની રસવૃત્તિને છોડવામાં અશક્ત બની જાય છે; જનકની જેમ રહેવું સહેલું નથી. વળી જનક રાજા તો પ્રથમ-થીજ બ્રહ્મજ્ઞાની હતા. તેમના વાદ ના લઈ શકાય. વાસનાનો ત્યાગ સહેલાઈથી કરવો હોય તો ભોગથી દૂર રહેવાનો માર્ગ ઉત્તમ છે. વળી આવી રીતે નવરા પડેલા મનને સત્સંગમાં લગાડવું જોઈએ. જે લોકો ભોગ્ય પદાર્થોને છોડી ના શકે તેમણે પણ સત્સંગ કરવાની જરૂર છે. તેથી ભોગ્ય પદાર્થોમાંથી મન ઉપરામ થઈને પ્રભુ પરાયણ થવામાં મદદ મળે છે.

જેમ રાજા જનકનો દાખલો છે, તેમ રાજા યયાતિનું પણ ઉદાહરણ આપણાં શાસ્ત્રોમાં છે. રાજા યયાતિએ જીવનભર ભોગો ભોગવ્યા છતાં, એને કોઈ તૃપ્તિ થતી નથી. અને શરીર વૃદ્ધ થવાથી ભોગ ભોગવવાની શકતી રહેતી નથી. એવી અવસ્થામાં તે પોતાના નાના પુત્રની યુવાની લઇને ભોગ ભોગવવા તત્પર થાય છે.

## સદ્ભાવ–ભરી ભેટ

અધ્યાત્મને વાંચકો તરફથી સદ્ભાવભરી ભેટ મળતી રહે છે. નાના મોટા સહુ કોઇ યથાશક્તિ ભેટ મોકલતા રહે છે. સહુના આભારી છીએ. યાદી નીચે મુંજબ છે.

૩૨–૫૦ શ્રીમતી સવિતાબેન કે. હરગોવન, વેસ્ટ વીલે, દક્ષિણ આફ્રિકા. લવાજમમાંથી વધારાની રકમ.
૧૧–૦૦ શ્રી બાબાબેન એ. સરવૈયા, મોરબી.
૨૫–૦૦ શ્રી મોહનભાઈ ડાહ્યાભાઈ પ્રજાપતિ, બોરભાઠા, મનોકામના પૂર્ણ થતાં.
૨૫–૦૦ ચિ. જાગૃતના જન્મદિન નિમિત્તે પિનાકીન એન. જાની તરફથી.
૨૧–૦૦ શ્રી વિનુભાઈ પી. પટેલ, સ્વ. નીરૂમતીના સ્મરણાર્થે.
૨૫–૦૦ શ્રી રેવાશંકર નાનજીભાઇ પુરોહિત, પાલનપુર.
૧૧–૦૦ ચિ. મનીષના જન્મદિન નિમિત્તે દમયંતીબેન ઠાકર તરફથી.
૫૧–૦૦ શ્રી મંજુલાબેન સુખલાલભાઈ પુજારા, મોરબી.
૧૫–૦૦ શ્રી રાકેશ પ્રિયવદન પટેલ, અમદાવાદ.
૨૫–૦૦ શ્રી મગનલાલ ઓધવજી તન્ના, વડોદરા, છોકરાને દુકાન કરી આપી તેના.
૨૧–૦૦ હંસાબેન ત્રિકમલાલ પટેલ, બેન નીરૂના બાબા બેબીના જન્મદિન નિમિત્તે.
૧૭૫–૦૦ શ્રી બાલમુકુન્દ શ્રોફ સ્વ. પૂ. પિતાજી તથા સ્વ. માતાજીના સ્મરણાર્થે.



## જ્યોતિર્મયી વિશ્રામગૃહ–અંબાજી

અંબાજી ખાતે પૂ. માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહનું બાંધકામ ઝડપથી ચાલી રહ્યું છે. હાલ પૂ.માશ્રી સર્વેશ્વરી અંબાજી ખાતે તા. ૭–૨–૮૫ સુધી રોકાવાનાં છે. તેઓ ૩૧૦ દિવસના સતત ઉપવાસો છતાં વિશ્રામગૃહના સ્થળ ઉપર સત્સંગના રોજ–બરોજ અવનવા કાર્યક્રમો યોજતાં રહે છે, જેથી એ સ્થળનું વાયુમંડળ પવિત્ર અને શુભ બને. ભાવિમાં ત્યાં આવનાર સાધકોને સહજશાંતિનો અનુભવ થાય, એ મંગલ ભાવના એમના આ કાર્યક્રમો પાછળ રહેલી છે.

વિશ્રામગૃહ માટે છેલ્લે મળેલી સહાયની વિગતો નીચે પ્રમાણે છે.

૫૦૦૦ શ્રી મહારાષ્ટ્ર બોર્ડીંગ હાઉસ, વડોદરા. (હા. શ્રીમતી શારદાબેન પરશોત્તમ કાકા)
૧૧૭૬ ગં. સ્વ. ફુલીબેન મયુરભાઈ ભક્ત, હા. લલ્લુભાઇ ભક્ત, ઇન્ડીપેન્ડન્સ અમેરિકા)
૨૫૧ શ્રી બાલકૃષ્ણ જે દવે, મુંબઈ
૨૦૦ શ્રીમતી સરસ્વતીબેન નટુભાઈ ભક્ત, અમેરિકા.
૫૦૧ શ્રી પ્રભાબેન ગો. પટેલ, સુરત.
૫૦૧ ,, સંધ્યાબેન ત્રિવેદી, સુરત.
૫૦૦ ,, તુલસીદાસ રામદાસ ભક્ત, કપૂરા.
૭૫૧ શ્રીમતી નિવેદિતા ધનસુખભાઇ ભક્ત, અમેરિકા.
૧૨૮૧ ,, સુરેશભાઇ મિસ્ત્રી, કેનેડા.
૨૫૦ ,, શ્રીમતી રેવાબેન એસ. ભક્ત, અમેરિકા.
૨૦૫ ,, શ્રીમતી ગુલાબબેન બી. ભક્ત, અમેરિકા.
૧૭૫ ,, બાલમુકુન્દભાઇ શ્રોફ, મોરબી (સ્વ. પિતાજી તથા સ્વ. માતાજીના સ્મરણાર્થે

## આજીવન સભ્યો

અધ્યાત્મના આજીવન સભ્યોની સંખ્યામાં નવેમ્બર '૮૪ પછી ચમત્કારિક ઝડપે પ્રગતિ થતી રહી છે, તેને પ. પૂ. ગુરુદેવ અને પ. પૂ. માશ્રી સર્વેશ્વરીની કૃપાનું પરિણામ અમે લેખીએ છીએ.

### નવા આજીવન સભ્યો

રૂ.

૬૨૯ રાજ્ય ગ્રંથપાલશ્રી મધ્યવર્તી પુસ્તકાલય, વડોદરા ૨૫૧.
૬૩૦ મહારાણા શ્રી નારણદેવજી લાયબ્રેરી, ધરમપુર. ૨૫૧.
૬૩૧ જિલ્લા પુસ્તકાલય, ભાવનગર. ૨૫૧.
૬૩૨ જિલ્લા પુસ્તકાલય, જામનગર. ૨૫૧.
૬૩૩ જિલ્લા પુસ્તકાલય, સુરેન્દ્રનગર. ૨૫૧.
૬૩૪ જિલ્લા પુસ્તકાલય, જૂનાગઢ. ૨૫૧.
૬૩૫ જિલ્લા પુસ્તકાલય, ભૂજ. ૨૫૧.
૬૩૬ જિલ્લા પુસ્તકાલય, આહવા, ડાંગ. ૨૫૧.
૬૩૭ જિલ્લા પુસ્તકાલય, બિલ્લીમોરા. ૨૫૧.
૬૩૮ જિલ્લા પુસ્તકાલય, પાલનપુર. ૨૫૧.
૬૩૯ જિલ્લા પુસ્તકાલય, નડિયાદ. ૨૫૧.

નોંધ. ઉપરોક્ત ૧૧ પુસ્તકાલયોના આજીવન સભ્યપદની રકમ શ્રી વિનોદભાઇ કે. પટેલ, નોર્થ બર્ગન, અમેરિકા તરફથી મળેલ છે.

૬૪૦ જિલ્લા પુસ્તકાલય, હિમ્મતનગર જિલ્લા સાબરકાંઠા
(શ્રી ભાસ્કરભાઇ સી. પટેલ તરફથી) ૨૫૧.
૬૪૧ જિલ્લા પુસ્તકાલય, મહેસાણા.
(શ્રી કાન્તિભાઇ સી. પટેલ તરફથી) ૨૫૧.
૬૪૨ જિલ્લા પુસ્તકાલય, ગોધરા, જિ. પંચમહાલ
(શ્રી સુંદરભાઈ સી. પટેલ તરફથી) ૨૫૧.



૬૪૩ જિલ્લા પુસ્તકાલય, ભરૂચ
(શ્રી રમણભાઇ સી. પટેલ તરફથી) ૨૫૧.
૬૪૪ જિલ્લા પુસ્તકાલય, સુરત
(શ્રી ઠાકોરભાઈ સી. પટેલ તરફથી) ૨૫૧.
૬૪૫ જિલ્લા પુસ્તકાલય, વલસાડ.
(શ્રી જમનાબેનના સ્મરણાર્થે શ્રી સોમાભાઇ તરફથી) ૨૫૧.
૬૪૬ સરકારી પુસ્તકાલય, જૂનાગઢ. ૨૫૧
૬૪૭ શ્રી જસવંતસિંહજી લાયબ્રેરી, ધ્રાંગધ્રા. ૨૫૧
૬૪૮ સર જે. ફી. લાયબ્રેરી, લખતર. ૨૫૧
૬૪૯ સિલ્વર જ્યુબીલી લાયબ્રેરી, પાલીતાણા. ૨૫૧
૬૫૦ મહિલા પુસ્તકાલય, રાજકોટ. ૨૫૧
૬૫૧ મહિલા પુસ્તકાલય, ભાવનગર. ૨૫૧
૬૫૨ શ્રી છ. લ. કાવઠીયા તાલુકા પુસ્તાલય, મેઘરાજ. ૨૫૧
૬૫૩ તાલુકા પુસ્તકાલય, વાલિયા. (જિ. ભરૂચ) ૨૫૧
૬૫૪ તાલુકા પુસ્તકાલય, સાગબારા. (જિ. ભરૂચ) ૨૫૧
૬૫૫ તાલુકા પુસ્તકાલય, લીમખેડા. (પંચમહાલ) ૨૫૧
૬૫૬ તાલુકા પુસ્તકાલય, ડેડિયાપાડા. (ભરૂચ) ૨૫૧
૬૫૭ તાલુકા પુસ્તકાલય, ઉચ્છલ. (જિ. સુરત) ૨૫૧
૬૫૮ તાલુકા પુસ્તકાલય, નસવાડી. (જિ. વડોદરા) ૨૫૧
૬૫૯ તાલુકા પુસ્તકાલય, નિઝર. (જિ. સુરત) ૨૫૧
૬૬૦ તાલુકા પુસ્તકાલય, વિજયનગર. (જિ. સાબરકાંઠા) ૨૫૧
૬૬૧ તાલુકા પુસ્તકાલય, વાલોડ. (જિ. સુરત) ૨૫૧
૬૬૨ સહકારી તાલુકા પુસ્તકાલય. ખેડબ્રહ્મા. ૨૫૧
૬૬૩ સરકારી તાલુકા પુસ્તકાલય, દાંતા. ૨૫૧
૬૬૪ તાલુકા પુસ્તકાલય, કવાંટ. (છોટા ઉદેપુર) ૨૫૧
૬૬૫ મહારાજા શ્રી ખેંગારજી લાયબ્રેરી, અંજાર. ૨૫૧
૬૬૬ શ્રી નગરપાલિકા પુસ્તકાલય, માંડવી. (કચ્છ) ૨૫૧

૬૬૭ સાર્વજનિક પુસ્તકાલય, દ્વારકા. ૨૫૧
૬૬૮ શ્રી નગર પંચાયત પુસ્તકાલય, જામજોધપુર. ૨૫૧
૬૬૯ શ્રી ફત્તેસિંહરાવ સાર્વજનિક પુસ્તકાલય, સોનગઢ. ૨૫૧
૬૭૦ સાર્વજનિક પુસ્તકાલય, મહુવા, ભાવનગર. ૨૫૧
૬૭૧ વીણાબેન ઠાકોરભાઈ દેસાઈ, સુરત. ૨૫૧
૬૭૨ સંસ્કૃત પાઠશાળા, સુરત. ૨૫૧
૬૭૩ ભૂપેન્દ્રરાય દેવેન્દ્રરાય દેસાઈ, વડોદરા. ૨૫૧
૬૭૪ પ્રવિણચંદ્ર પ્રાણજીવનભાઈ સોરઠિયા, સુરત. ૨૫૧
૬૭૫ દેવેન્દ્રકુમાર ઠાકોરલાલ મહેતા, સુરત. ૨૫૧
૬૭૬ છગનલાલ ત્રિભુવનદાસ સોરઠિયા, સુરત. ૨૫૧
૬૭૭ ત્રિભુવન હરિશંકર ભટ્ટ, મુંબઈ. ૨૫૧
૬૭૮ વિજયકુમાર શ્રીપતલાલ, જરદોસ, સુરત. ૨૫૧
૬૭૯ નીકુબેન એમ. ત્રિવેદી, સુરત. ૨૫૧
૬૮૦ પ્રતાપસિંહ સુરજરામ પરમાર, સુરત. ૨૫૧
૬૮૧ ઈલાબેન જીતેન્દ્ર પાઠક, સુરત. ૨૫૧
૬૮૨ લલિભાઈ ડેપ્યુટી, સુરત. ૨૫૧
૬૮૩ ઉજ્જવલભાઈ ભટ્ટ, સુરત. ૨૫૧

(નોંધઃ–આ સર્વે લાયબ્રેરીઓના આજીવન સભ્ય ફીના પૈસા અમેરિકાના ભાઈઓ તરફથી મળેલ છે.)

(વધુ નામો સ્થળ સંકોચને લીધે આવતા અંકમાં મૂકવામાં આવશે.)

## પેટ્રન

અધ્યાત્મના પેટ્રનની યાદીમાં નવાં નામોનો ઉમેરો કરતાં અમે હર્ષ અનુભવીએ છે. ઘણા વખતથી આ યાદીમાં ખાસ ઉમેરો નોંધાયો ન હતો. જે જે ભાઈઓએ આ કાર્યમાં સહાય કરી હોય, તે સહુનો અમે આભાર માનીએ છીએ. નવા સભ્યોનાં નામ નીચે પ્રમાણે છેઃ–



એમ. ટી. બી. કોલેજ લાયબ્રેરી, આઠવા લાઈન્સ, સુરત.
(શ્રી જીતુભાઈ વિનાયકભાઈ જરીવાલા તરફથી.) રૂા. ૧૦૦૧
શ્રી વીરેન્દ્ર વી. ગાંધી. સુરત. રૂા. ૧૦૦૧
શ્રી ભાવના વુડ વર્કર્સ, મગોલ (જિ. સુરત) રૂા. ૧૦૦૧
શ્રી હીમસન ટેકસટાઈલ એન્જી. ઇન્ડસ્ટ્રીઝ, સુરત રૂા. ૧૦૦૧
શ્રી રમેશચંદ્ર ધનસુખલાલ કબુતરવાલા, સુરત રૂા. ૧૦૦૧
શ્રી એમ. ધર્મેશ ફેબ્રિક્સ, સુરત. રૂા. ૧૦૦૧

પેટ્રનની જેમ સહાયક પેટ્રનની સંખ્યામાં પણ સારો એવો ઉમેરો થયો છે. તેઓ સહુ આભાર અને અભિનંદનના અધિકારી છે.

શ્રી ન્યુ ગુજરાત પ્લાસ્ટીક્સ, સુરત. ૫૦૧
શ્રી નગીનદાસ ઉત્તમરામ તાણાવાળા, સુરત. ૫૦૧
શ્રી ઈશ્વરભાઈ વ્રજલાલ કડીવાળા, સુરત. ૫૦૧
શ્રી બોરીચા ગેસ એજન્સી, સુરત. ૫૦૧
શ્રી આર. ટી. વાંકાવાલા, એડવોકેટ, સુરત. ૫૦૧

## સહાયક પેટ્રન થયા

અધ્યાત્મના આજીવન સભ્યમાંથી નીચેના ભાઈઓ વધુ રૂા. ૨૫૦ ભરી, સહાયક પેટ્રન થયા છે. તે સહુ અભિનંદનને પાત્ર છે.

શ્રી ધીરૂભાઈ સી. દેસાઈ સુરત કુલ રૂા. ૫૦૧
શ્રી ગોવિંદજીભાઈ ચુ. પટેલ. સુરત કુલ રૂા. ૫૦૧
શ્રી જય લક્ષ્મી ક્રેડીટ કોરપોરેશન, સુરત રૂ. ૫૦૧ ભરી સીધા સહાયક પેટ્રન થયા છે.

## જ્ઞાનીનાં લક્ષણ

માની ના બનવું વળી દંભ દર્પ તજ્યાં,
દયા રાખવી, જીવને કો'દી ના હણવાં;
બૂરું કરે કોઈ કદી તોય ક્ષમા દેવી,
સરલ હૃદયને પ્રેમથી વાત સદા ક'વી.

પૂજ્ય ગુરુને માનવા, સ્વચ્છ સદા ર'વું,
ચંચલતાને છોડવી, મન જીતી લેવું;
ઇન્દ્રિયોના સ્વાદમાં સુખ ના કદી જોવું,
કામ, ક્રોધ અભિમાન ને મૂકી મન ધોવું.

જન્મ થાય છે મરણને રોગ વળી થાયે,
ઘડપણ આવે એમ આ જીવન તો જાયે;
એમ દુઃખ દોષો બધા જીવનના જોવા,
વૈરાગ્ય તણા લેપથી વિકાર સૌ ધોવા.

સ્ત્રી ઘર સંતાને નહી મમતા રતિ કરવી,
સારા નરસા સમયમાં ધીરજને ધરવી;
અનન્ય ભાવ કરી સદા મુજ ભક્તિ કરવી,
જનસમૂહની પ્રીત ના સ્વપ્ને પણ કરવી.

શાંત સ્થળે રે'વું વળી કરવો ત્યાં અભ્યાસ,
જ્ઞાન મેળવી પામવા ઈશ્વરને અભ્યાસ;
જીવનનું ધન માનતાં મેળવવો મુજને,
આ સૌ જ્ઞાનતણાં કહ્યાં લક્ષણ મેં તુજને.

(ભગવદ્‌ગીતા. અધ્યાય ૧૩)

—યોગેશ્વરજી



# રામકથા

(ગતાંકથી ચાલુ)

યોગેશ્વરજી

[શ્રીયોગેશ્વરજીની સિદ્ધકલમે આલેખાયેલ રામકથા]

રાજપ્રાસાદમાં આવ્યા પછી સીતા અને ઉર્મિલાને અયોધ્યાના ઐશ્વર્યનો ખ્યાલ આવ્યો. કેટલું બધું અનુપમ ઐશ્વર્ય ! એ રાજ પ્રાસાદ કુબેરના ઐશ્વર્યની બરાબરી કરે તેવો ભવ્ય અને સુશોભિત હતો. લક્ષ્મી પોતે તેમાં વાસ કરતી હોય તેવું લાગતું હતું.

ત્યાં સુવર્ણ, હીરા, માણેક તથા મોતીનો તો પાર ન હતો. પરંતુ એની રચના પણ ભારે અસાધારણ અને આનંદદાયક હતી. જનકના રાજપુરોહિત શતાનંદને પણ એ વૈભવ વિલોકીને ભારે વિસ્મય થયો. એમને લાગ્યું કે મિથિલાનો વૈભવ આ વૈભવની આગળ ઝાંખો પડે છે. મહારાજા દશરથની આગળ એમણે અયોધ્યાના અસાધારણ ઐશ્વર્યની પ્રશંસા કરી તો દશરથે નમ્રતાપૂર્વક ઉત્તર આપ્યો : 'અયોધ્યાનું એ ઐશ્વર્ય તો સ્થૂલ છે. એને અવલોકીને સૌ કોઇ અંજાઇ જાય છે, પરંતુ મારા આત્માને એ એટલું બધું નથી આકર્ષતું અથવા તો એટલો બધો આનંદ પણ નથી આપતું. મને તો એનું એક બીજું જ સૌન્દર્ય કે ઐશ્વર્ય આકર્ષે છે અને આનંદ આપે છે.'

'એ ઐશ્વર્ય કે સૌન્દર્ય વળી કયું છે ?' શતાનંદે પ્રશ્ન કર્યો.

તમે મારા કહેવાનો ભાવાર્થ ના સમજ્યા ? અયોધ્યાનું સાચું સૌન્દર્ય કે ઐશ્વર્ય રામમાં રહેલું છે. રામને લીધેજ એની શોભા તેમજ મહત્તા છે એમને લીધેજ મને અયોધ્યા આનંદમય લાગે છે. એ અયોધ્યાની બહાર હતા ત્યારે આખી અયોધ્યા નીરસ તથા કુરૂપ લાગતી હતી. એનું શરીર દેખાતું પરંતુ તેનો આત્મા ઉડી

ગયેલો. રામ પાછા આવ્યા એટલે અયોધ્યાનો આત્મા પણ પાછો આવ્યો. અને અયોધ્યા ફરી સૌન્દર્યવતી, સુશોભિત તથા આનંદમય બની ગઈ. હવે રામની સાથે સીતાનું પણ શુભાગમન થયું એટલે અયોધ્યાનું ઐશ્વર્ય વધી ગયું.

દશરથનો રામપ્રેમ જોઇને શતાનંદનું અંતર આનંદી ઉઠ્યું. એ આનંદને વ્યક્ત કરતાં બોલી ઉઠ્યા : 'રામને માટેની તમારી ભાવના સાચી છે. એ ભાવનાને હું યથાર્થ રીતે સમજી શકું છું. રામ એકમાત્ર અયોધ્યાના ઐશ્વર્યરૂપ છે એવુંજ શા માટે? એ તો સમસ્ત સંસારના ઐશ્વર્યરૂપ છે.''

'રામ જો કે સર્વોત્તમ છે. પરંતુ લક્ષ્મણ, ભરત ને શત્રુઘ્ન પણ એવાજ અસાધારણ છે. સીતાની પેઠે એમનો જન્મ પણ તદ્દન અનોખી રીતે થયો છે.

'તદ્દન અનોખી રીતે?'

'હા'

'તો તો એ હકીકત સાંભળવી જોઇએ. એમના જન્મની કથા સાંભળીને મને સાચેસાચ ઘણો આનંદ થશે.'

'એ કથા આનંદદાયક જ છે, શતાનંદ? એના સ્મરણથી મારું મન મલકાય છે ને મંત્રમુગ્ધ બને છે. તમને કદાચ ખબર નહિ હોય કે એ પુત્રોની પ્રાપ્તિ મને બહુ મોટી ઉંમરે અને એ પણ યજ્ઞદ્વારા થઇ હતી.'

'યજ્ઞ દ્વારા?'

'હા, યજ્ઞદ્વારા પરંતુ એ યજ્ઞ રાજા જનકના યજ્ઞ કરતાં જરા જુદો હતો.'

શતાનંદ શાંતિથી કુતૂહલપૂર્વક સાંભળી રહ્યા એટલે દશરથે વીતેલી વાતની સ્મૃતિ કરતાં આગળ કહ્યું, 'પુત્રેચ્છાથી પ્રેરાઇને



એકવાર મેં અંગ દેશના રાજકુમાર રોમપાદને ત્યાં રહેતા ઋષિ ઋષ્યશૃંગની મુલાકાત લીધી. એ રાજકુમાર રોમપાદની રજાથી હું ઋષિ ઋષ્યશૃંગને અહિ લાવ્યો અને એમની પ્રસન્નતા માટે સાચા દિલથી સેવા કરવા લાગ્યો. મહર્ષિ ઋષ્યશૃંગ તો અત્યંત સમર્થ હતા. એમનો અનુગ્રહ અમોઘ ગણાતો. એ ત્રિકાળદર્શી તથા અનંત યોગસિદ્ધિવાળા હતા. એટલા માટે તો એમના અનુગ્રહની આકાંક્ષા સાથે મેં સાચા દિલથી પ્રયાસ ચાલુ કર્યા. મારા પ્રયાસના પરિણામ રૂપે આખરે એ પ્રસન્ન થયા ને બોલ્યા કે તમને પુત્ર પ્રાપ્તિ કરાવવાના હેતુને લક્ષમાં રાખીને હું તમારે માટે અથર્વવેદના મંત્રોની મદદથી પુત્રેષ્ટિ નામનો યજ્ઞ કરીશ. વેદોક્ત વિધિ પ્રમાણે કરવામાં આવનારો એ યજ્ઞ જરૂર સફળ થશે. એ સમર્થ ઋષિવર પ્રસન્ન થઈને એવીરીતે યજ્ઞાનુષ્ઠાન કરવા તૈયાર થયા એ પણ એક મોટું સૌભાગ્યજ કહેવાય. કારણ કે મેં સાંભળેલું કે એમનો અનુગ્રહ અમોઘ હોવા છતાં એ અનુગ્રહને મેળવવાનું કામ ઘણું જ કપરું હતું.'

'એ વાત સાચી છે. એમાં લેશપણ અતિશયોક્તિ નથી. પરંતુ મારા પર તો એમનો અનુગ્રહ ધાર્યા કરતાં ઘણો જલદી થઇ ગયો.' એની પાછળ વિધિની યોજના કે ઈશ્વરની કૃપાજ કામ કરી રહી હશે. મને તો એવું જ અનુમાન ઉચિત લાગે છે.'

'મહર્ષિ ઋષ્યશૃંગનો એ યજ્ઞ સફળતાપૂર્વક પૂરો થયો. એ યજ્ઞના અગ્નિકુંડમાંથી એક દિવ્ય પુરુષ પ્રકટ થયા, એમનું અંગ અત્યંત પ્રકાશિત હતું. એના પર લાલ વસ્ત્ર વીંટવામાં આવેલું. એમનું મુખપણ લાલ હતું. એમના અંગની આભા અનેરી હતી. એમના હાથમાં દિવ્ય ખીરથી ભરેલું સુવર્ણપાત્ર હતું.

શતાનંદે આશ્ચર્ય સાથે કહ્યું, 'આ હકીકત તો ઘણી અદ્ભુત કહેવાય! તમારા વિનાના કોઇ બીજા પુરુષે કહી હોત તો કદાચ

માનવામાં પણ ના આવત. એ હકીકતને ભ્રાંતિક કે સ્વપ્નમાં ખપાવનારા માણસો પણ મળી આવત'.

'છતાં પણ એ હકીકત સંપૂર્ણ સાચી છે. એ દિવ્ય પુરુષે એ ખીરનું પાત્ર મને અર્પણ કર્યું ને કહ્યું કે આ ખીર દેવોએ તૈયાર કરેલી છે. તેને ખાવાથી ધંન અને આરોગ્ય વધે છે તથા સંતાન મળે છે. આ ખીર તમારી પત્નીઓને ખવડાવી દેજો એને લીધે જેને માટે તમે યજ્ઞ કર્યો છે તે પુત્ર પ્રાપ્તિની તમારી કામના સફળ બનશે. મેં એ મહાપુરુષના વચન સાંભળીને એમણે આપેલું પાત્ર ગ્રહણ કરીને એમની પૂજ્યભાવે પ્રદક્ષિણા કરી પછી એ મહાપુરુષ અદૃશ્ય થઈ ગયા.'

'મને તો લાગે છે કે અગ્નિદેવ અથવા યજ્ઞપુરુષ પોતેજ હશે. એમના વિના બીજું કોઇ આવી રીતે ના આવે.'

દશરથે કહ્યું : 'એ ખીરનો અડધો ભાગ મેં કૌશલ્યાને આપ્યો. બાકીના અડધા ભાગનો અડધો ભાગ સુમિત્રાને અર્પણ કર્યો અને બીજી શેષ ખીરના બે ભાગ કરીને એક ભાગ કૈકેયીને તથા બીજો ભાગ ફરીવાર સુમિત્રાને અર્પણ કર્યો. એ ખીર પ્રાશનને પરિણામે સમય પર ત્રણે સ્ત્રીયો પુત્રવતી થઇ. યજ્ઞની પૂર્ણાહુતી પછી બારમે મહીને ચૈત્ર સુદી નવમીને દિવસે લગ્નમાં ચંદ્રની સાથે બૃહસ્પતિ હતો, કર્ક લગ્નને પુનર્વસુ નક્ષત્ર હતું ત્યારે કૌશલ્યાએ રામને જન્મ આપ્યો. તે પછી કૈકેયીએ ભરતને જન્મ આપ્યો. એ પુત્રનો જન્મ મીન લગ્નને પુષ્પ નક્ષત્રમાં થયો. અને એ બાદ સુમિત્રાના લક્ષ્મણ તથા શત્રુઘ્ન બે પુત્રો થયા. એ બંને આશ્લેષા નક્ષત્રમાં કર્ક લગ્નમાં જન્મ્યા એ વખતે સૂર્ય ઉચ્ચ સ્થાનમાં શોભતો હતો. મહર્ષિ વસિષ્ઠે એમનું નામકરણ કર્યું.

( ક્રમશઃ )

## * આત્મિક સાધન પ્રત્યે અંગુલિ નિર્દેશ *

સંતુષ્ટ, નિવૃત્તિપરાયણ, આત્મારામ પુરુષને જે આનંદ મળે છે તે લાલસા તથા લોભવશ થઇને ધનને માટે દોડાદોડ કરનારી વ્યક્તિને કેવી રીતે મળી શકે ? સંતોષીને માટે બધી દિશાઓ સુખદાયક બની જાય છે. સંતોષરહિત મનુષ્યનાં તેજ, વિદ્યા, તપ તથા યશ એની ઇન્દ્રિયલોલુપતાને લીધે ક્ષીણ થઇ જાય છે અને એનો વિવેક પણ નષ્ટ થાય છે. જુદી જુદી વિદ્યાને જાણનારા કેટલાય પ્રખર પંડિતો અસંતોષને લીધે પતન પામ્યા છે.

મન પર કાબુ કરવાની કામનાવાળા પુરુષે સંગત્યાગ કરીને એકાંતમાં વાસ કરવો. એણે આસનવાળી, શરીરને સ્થિર રાખીને સુખપૂર્વક બેસવું અને પ્રણવનો જપ કરવો. જ્યાં સુધી મન સંકલ્પવિકલ્પમાંથી મુક્તિ ના મેળવે ત્યાંસુધી પ્રાણાયામની મદદથી પ્રાણની ગતિને રોકવી. મન જ્યાં જ્યાં જાય ત્યાંથી પાછું વાળીને એને હૃદયમાં સ્થિર કરવું. એવી રીતે નિરંતર અભ્યાસ કરનારા યોગીનું મન સ્થિર, કામાદિ વાસનાઓના ક્ષોભથી રહિત અને શાંત બની જાય છે.

[ ભાગવત, સ્કંધ ૭, અધ્યાય ૧૫ માંથી. ]

–યોગેશ્વરજી

# * અભેદ દૃષ્ટિની પ્રાપ્તિ *

સાધનાની મદદથી મન નિર્મળ થાય ને સમાધિની સર્વોત્તમ અવસ્થાનો અનુભવ કરે એટલે ઋતંભરા પ્રજ્ઞાની પ્રાપ્તિ થાય છે. અનુભવી સાધકને તે આપોઆપ અથવા સહજ રીતે જ આવી મળે છે. તેને માટે કોઇ વિશેષ મહેનત નથી કરવી પડતી. વળી સાધકના સ્વભાવની સાથે સંમિશ્રિત થઇને એ એનું અવિભાજ્ય અંગ બની જાય છે. એટલે એકવાર પ્રાપ્ત થયા પછી તેનો નાશ નથી થતો. એને પામ્યા પછી સાધકની દૃષ્ટિ દિવ્ય બની જાય છે. એને કોઈ મહાન સંપત્તિની પ્રાપ્તિ થઈ હોય એવો એને સંતોષ થાય છે. એ અક્ષય ધનની કિંમત કાંઇ ઓછી નથી આંકવાની. માણસને એ સાચા અર્થમાં ધનવાન ને સુખી બનાવે છે. એને મેળવીને સાધક જડ ને ચેતનમાં પ્રભુના પ્રકાશની ઝાંખી કરતાં શીખે છે, જગતની ઉપલક દૃષ્ટિએ દેખાતી અનેકતામાં એકતાનું દર્શન કરે છે, બધે પરમાત્માની પરમ ને એક માત્ર સત્તાનો એને અનુભવ થાય છે. એવા અનુભવથી એના ભેદભાવ મટી જાય છે. રાગદ્વેષ શમી જાય છે, ને પ્રેમ ને શાંતિનો પ્રવાહ એના અંતરમાંથી નિરંતર વહેતો થાય છે.

ફક્ત આ દશાની પ્રાપ્તિ માટે તેણે ઠીક દિશામાં સાધના માર્ગે પુરુષાર્થ કરવો જોઇએ.

–યોગેશ્વરજી

રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, લોખંડબજાર, ભાવનગર. ફોન : ૨૮૧૭૨